Contents


પ્રશ્ન –૧ કર્મચારીઓને ચુકવાયેલ સર્વેલન્સ ભથ્થુ પરત વસુલવા બાબત .....................3

પેટા પ્રશ્નો .....................11

પેટા પ્રશ્ન ૧ (ડૉ. દર્શનાબેન દેશમુખ, નાંદોદ) .....................12

પેટા પ્રશ્ન ૨ (શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા) .....................14

પ્રશ્ન –૨ ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોનું બાંધકામ .....................15

પેટા પ્રશ્નો .....................26

પેટા પ્રશ્ન ૧ (શ્રીમતી સેજલબેન પંડ્યા,ભાવનગર (પૂર્વ)) .....................27

પેટા પ્રશ્ન ૨ (શ્રી શિવાભાઇ ગોહિલ, મહુવા) .....................30

પ્રશ્ન –૩ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ .....................36

પેટા પ્રશ્નો .....................40

પેટા પ્રશ્ન ૧ (ડૉ. પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા)) .....................41

પેટા પ્રશ્ન ૨ (શ્રી ચૈતન્ય દેસાઇ, અકોટા) .....................43

પેટા પ્રશ્ન ૩ (શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર (દ)) .....................46

પ્રશ્ન –૫ જી.એમ.ઈ.આર.એસ. હેઠળ નવી મેડિકલ કોલેજો .....................49

પેટા પ્રશ્નો .....................67

પેટા પ્રશ્ન ૧ ડૉ. હસમુખ પટેલ, અમરાઇવાડી .....................68

પેટા પ્રશ્ન ૨ શ્રી અમિત ઠાકર, વેજલપુર .....................70

પેટા પ્રશ્ન ૩ શ્રી બાબુસિંહ જાદવ, વટવા .....................71

પ્રશ્ન –૭ જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ .....................72

પેટા પ્રશ્નો .....................78

પેટા પ્રશ્ન ૧ શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા જામનગર(ઉ) .....................79

પેટા પ્રશ્ન ૨ શ્રી મેઘજીભાઇ ચાવડા, કાલાવડ .....................80

પ્રશ્ન –૧૩ યુ.એન.મહેતા હાર્ટ, કિડની અને કેન્સર હોસ્પિટલને મળેલ ગ્રાંટ .....................81

પેટા પ્રશ્નો .....................86

પેટા પ્રશ્ન ૧ શ્રી કનુભાઇ પટેલ, સાણંદ .....................87

પેટા પ્રશ્ન ૨ શ્રી અમિતભાઇ શાહ, એલિસબ્રીજ .....................88

પેટા પ્રશ્ન ૩ શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર .....................89


મુખ્ય પેજ

પ્રશ્ન –૧૪ પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ........................90
પેટા પ્રશ્નો....................................................................................94
પેટા પ્રશ્ન ૧ (ડૉ. દર્શિતાબેન શાહ, રાજકોટ (૫)) ....................................95
પેટા પ્રશ્ન ૨ (શ્રી ઉદયભાઇ કાનગડ, રાજકોટ (પુ)) ..................................96

પ્રશ્ન –૧૬ બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં નવજાત બાળકોના મૃત્યુ................97
પેટા પ્રશ્નો..................................................................................109
પેટા પ્રશ્ન ૧ (શ્રી અનિકેતભાઇ ઠાકર, પાલનપુર)....................................110
પેટા પ્રશ્ન ૨ (શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા)................................112

પ્રશ્ન –૧૮ યુ.એન. મહેતા હાર્ટ, કિડની અને કેન્સર હોસ્પિટલના સેન્ટરો ................113
પેટા પ્રશ્નો..................................................................................140
પેટા પ્રશ્ન ૧ શ્રી અમુલભાઇ ભટ્ટ, મણીનગર ..........................................141
પેટા પ્રશ્ન ૨ શ્રી કૌશિકભાઇ જૈન, દરીયાપુર ..........................................142

પ્રશ્ન –૧૯ અમદાવાદ શહેરમાં શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ..............................147
પેટા પ્રશ્નો..................................................................................157
પેટા પ્રશ્ન ૧ (શ્રીમતી કંચનબેન રાદડીયા, ઠક્કરબાપાનગર)..........................158
પેટા પ્રશ્ન ૨ (ડૉ. હસમુખભાઇ પટેલ, અમરાઇવાડી) ..................................160
પેટા પ્રશ્ન ૩ (શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર) ....................................161

પ્રશ્ન : ૨૦ કાયદા વિભાગમાં સંવર્ગવાર કરાર આધારિત નિમણૂક.........................163
પેટા પ્રશ્નો..................................................................................167
પેટા પ્રશ્ન ૧ (શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, હિંમતનગર) ....................................168
પેટા પ્રશ્ન ૨ (શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ) ........................................170

મુખ્ય પેજ

# પ્રશ્ન –૧

**પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૨૦૩૧**

**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**

**શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ, વાંસદા**

**પ્રશ્ન :– કર્મચારીઓને ચુકવાયેલ સર્વેલન્સ ભથ્થુ પરત વસુલવા બાબત**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**કર્મચારીઓને ચૂકવાયેલ સર્વેલન્સ ભથ્થું પરત વસૂલવા બાબત**

**15/4/2031 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાંસદા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર વર્ગ–૩ ને નવેમ્બર–૨૦૨૨ના ઠરાવ/નિર્ણયથી માસિક રૂપિયા ચાર હજાર લેખે સર્વેલન્સ ભથ્થુ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ તે હકીકત સાચી છે, કે કેમ, | (૧) હા |
| (૨) | જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ઉક્ત નિર્ણય બાદ ચુકવવામાં આવેલ રકમ પરત વસુલવાના કોઈ આદેશ થયેલ છે કે કેમ, | (૨) ના. |
| (૩) | જો હા,તો ઉક્ત સ્થિતીએ માસવાર કેટલી રકમ કેટલા કર્મચારીઓ પાસેથી પરત વસુલવાની થાય છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | તે પૈકી ઉક્ત સ્થિતીએ કેટલા કર્મચારીઓ પાસેથી કેટલી રકમ પરત વસુલવામાં આવી અને કેટલા કર્મચારીઓ પાસેથી કેટલી રકમ પરત વસુલવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- **ફીક્સ પગારનિતી–૨૦૦૬**
- નાણાં વિભાગના **તા. ૧૬/૦૨/૨૦૦૬**ના ઠરાવથી વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણુંક ફીક્સ પગારના અજમાયશી તરીકે કરવાની યોજનાના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચે મુજબ છે.

  **"આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવારને નિયમિત ધોરણે સરકારી કર્મચારીઓને મળતા લાભો પૈકીના કોઈપણ લાભ મળી શકશે નહી તેમજ આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવાર તે અંગેની માંગણી પણ કરી શકશે નહી, તે મુજબનો બાંહેધરી પત્ર નિમણુંકનો હુકમ આપતાં પહેલા મેળવી લેવાનો રહેશે."**
- તેમજ ઉપરોક્ત ઠરાવની સાથે સામેલ બોલીઓ અને શરતોના પત્રકના મુદ્દા નં. ૩ મુજબ

  **"નિયત ફીક્સ વેતન પર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી."**
- આમ, પ્રવર્તમાન નીતિ મુજબ ફીક્સ પગારથી નિમણુંક પામેલ કર્મચારીઓને સર્વેલન્સ ભથ્થું મળવાપાત્ર નથી. પરંતુ તેઓ ૫ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરે ત્યાર પછી નિયમિત પગારધોરણમાં સમાવેશ કરવામાં આવે ત્યારે તેઓને નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થા/સવલતો/અન્ય લાભો મળતાં હોય છે.

મુખ્ય પેજ

- **<u>સર્વેલન્સ ભથ્થું:-</u>**
- સર્વેલન્સની કામગીરી અંતર્ગત ફરજના ભાગરૂપે પ્રતિ માસ **<u>રૂ.૪૦૦૦/- નું ઉચ્ચક ફીક્સ રકમ "સર્વેલન્સ પ્રોત્સાહન" પૂર્વ દ્રષ્ટાંત ન ગણવા અને "ખાસ કિસ્સા" તરીકે આપવા માટે આરોગ્ય વિભાગના તા. ૦૨/૧૧/૨૦૨૨ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે.</u>**
- આ ઠરાવમાં માત્ર પંચાયત સેવાના (એટલે કે ગ્રામ્ય વિસ્તારના) કર્મચારીઓને ભથ્થું ચુકવવા માટેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે જેથી **<u>શહેરી વિસ્તારના ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર તેમજ મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર વર્ગ -૩ સંવર્ગના કર્મચારીઓ તથા રાજ્ય કક્ષાએ ફરજ બજાવતા આ જ સંવર્ગના કર્મચારીઓને સર્વેલન્સ પ્રોત્સાહન ચુકવવામાં આવતું નથી.</u>**

મુખ્ય પેજ

# ભથ્થુ મેળવતા અને ન મેળવતા કર્મચારીઓ

| સંવર્ગનું નામ | | રેગ્યુલર ભરેલી | | ફિક્સ પગારથી ભરેલી | આઉટસોર્સ થી ભરેલી | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | સર્વેલન્સ ભથ્થુ મેળવતા | સર્વેલન્સ ભથ્થુ ન મેળવતા | સર્વેલન્સ ભથ્થુ ન મેળવતા | સર્વેલન્સ ભથ્થુ ન મેળવતા | |
| રાજ્ય કક્ષા | MPHS | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | MPHW | ૦ | ૪૨ | ૦ | ૦ | ૪૨ |
| | FHS | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | FHW | ૦ | ૨૭ | ૦ | ૦ | ૨૭ |
| શહેરી (URBAN) વિસ્તાર હસ્તક | MPHS | ૦ | ૦ | ૪ | ૦ | ૪ |
| | MPHW | ૦ | ૦ | ૭૮૬ | ૦ | ૭૮૬ |
| | FHS | ૦ | ૦ | ૪ | ૦ | ૪ |
| | FHW | ૦ | ૦ | ૧૦૪૫ | ૦ | ૧૦૪૫ |
| જિલ્લા પંચાયત હસ્તક | MPHS | ૧૪૦૦ | ૦ | ૦ | ૦ | ૧૪૦૦ |
| | MPHW | ૬૮૬૫ | ૦ | ૧૬૮૯ | ૪૫૦ | ૯૦૦૪ |
| | FHS | ૧૦૪૯ | ૦ | ૦ | ૦ | ૧૦૪૯ |
| | FHW | ૮૭૩૯ | ૦ | ૫૩૪ | ૧૦૫૨ | ૧૦,૩૨૫ |
| કુલ :- | | ૧૮,૦૫૩ | ૬૯ | ૪૦૬૨ | ૧૫૦૨ | ૨૩,૬૮૬ |

**નોંધ :-**

- ૬૯ રેગ્યુલર ભરતી થયેલાને હાલ સર્વેલન્સ ભથ્થુ મળતુ નથી.

મુખ્ય પેજ

તેમજ ફિક્સ પગારના ૪૦૬૨ કર્મચારીઓને હાલ સર્વેલન્સ ભથ્થુ મળતુ નથી. (જેમાં ૧૮૩૯ શહેરી વિસ્તારના અને ૨૨૨૩ પંચાયત સેવાના છે.)

## રાજ્યમાં સંવર્ગવાર કુલ મહેકમ

| | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| રાજ્ય કક્ષા | MPHS | ૨૩૮ | ૦ | ૨૩૮ |
| | MPHW | ૧૪૭ | ૪૨ | ૧૦૫ |
| | FHS | ૧૩૫ | ૦ | ૧૩૫ |
| | FHW | ૧૩૦ | ૨૭ | ૧૦૩ |
| શહેરી (URBAN) વિસ્તાર હસ્તક | MPHS | ૪૫૪ | ૪ | ૪૫૦ |
| | MPHW | ૨૫૮૨ | ૭૮૬ | ૧૭૯૬ |
| | FHS | ૪૫૪ | ૪ | ૪૫૦ |
| | FHW | ૨૫૯૬ | ૧૦૪૫ | ૧૫૫૧ |
| જિલ્લા પંચાયત હસ્તક | MPHS | ૧૭૨૬ | ૧૪૦૦ | ૩૨૬ |
| | MPHW | ૯૧૪૫ | ૯૦૦૪ | ૧૪૧ |
| | FHS | ૧૭૭૦ | ૧૦૪૯ | ૭૨૧ |
| | FHW | ૧૦૭૪૦ | ૧૦૩૨૫ | ૪૧૫ |
| | **કુલ** | **૩૦૧૧૭** | **૨૩૬૮૬** | **૬૪૩૧** |

મુખ્ય પેજ

# ૭ જિલ્લાઓમાં ફિક્સ પગારના કર્મચારીઓને ચુકવવામાં આવેલ સર્વેલન્સ ભથ્થાની માહિતી

| જીલ્લા | સંવર્ગ | સંખ્યા | સર્વેલન્સ ભથ્થુ ચુકવેલ છે કે કેમ? | વસુલ કરવાની રકમ | વસુલ કરેલ છે કે કેમ? | વસુલ કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | MPHW | ૧૭ | હા | 374710 | હા | 64000 |
| | FHW | ૦ | ના | 0 | પ્રશ્ન નથી | 0 |
| ગોધરા | MPHW | ૧૩૬ | હા | 2872000 | કાર્યવાહી ચાલુ | 0 |
| | FHW | ૧૬૧ | હા | 3400000 | કાર્યવાહી ચાલુ | 0 |
| મહીસાગર | MPHW | ૪૭ | હા | 822214 | કાર્યવાહી ચાલુ | 139613 |
| | FHW | ૫૪ | હા | 1125947 | કાર્યવાહી ચાલુ | 303613 |
| કચ્છ | MPHW | ૧૩૧ | હા | 5764000 | ના | 0 |
| | FHW | ૧૭૯ | હા | 7260000 | ના | 0 |
| અમરેલી | MPHW | ૬ | હા | 51,202 | ના | 0 |
| | FHW | ૯૩ | હા | 11,30,631 | ના | 0 |
| જુનાગઢ | MPHW | ૫૩ | હા | 1060000 | ના | ૦ |
| | FHW | ૭૨ | હા | 3456000 | ના | ૦ |
| **MPHW TOTAL** | | | | **1,09,44,126** | | **2,03,613** |
| **FHW TOTAL** | | | | **1,63,72,578** | | **3,03,613** |
| **(1898) MPHW + FHW Total** | | | | **2,73,16,704** | | **5,07,226** |

**નોંધ :– ૬ જીલ્લામાં કુલ ૧૮૯૮ ને ૨.૭૩ કરોડ ચુકવાયેલ છે.**

મુખ્ય પેજ

## ➢ પંચાયત સેવાના સંવર્ગ વિશે સામાન્ય માહિતી :-

| સંવર્ગ | ફરજનું સ્થળ |
|---|---|
| મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ) | પેટા કેન્દ્રો તથા પ્રા.આ.કેન્દ્ર ખાતે ૧-૧ જગ્યા |
| ફિમેલ હેલ્થ વર્કર | પેટા કેન્દ્રો તથા પ્રા.આ.કેન્દ્ર ખાતે ૧-૧ જગ્યા |
| મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર (પુરુષ) | પ્રા.આ.કેન્દ્ર ખાતે ૧ જગ્યા |
| ફિમેલ હેલ્થ સુપરવાઈઝર | પ્રા.આ.કેન્દ્ર ખાતે ૧ જગ્યા |

- આરોગ્ય વિભાગ દ્વારા જગ્યાઓ ઉભી કરવામાં આવે છે અને પગારભથ્થાની ગ્રાન્ટ જીલ્લા પંચાયતોને ફાળવવામાં આવતી હોય છે.
- MPHW અને FHWની સીધી ભરતી પંચાયત સેવા પસંદગી મંડળ મારફતે કરવામા આવતી હોય છે અને જરૂરી અનુભવ પછી તેઓને MPHS અને FHS બઢતી આપવામાં આવતી હોય છે.
- MPHW અને FHWનું પગારધોરણ ૧૯,૯૦૦-૬૩,૨૦૦ અને MPHS અને FHS નું પગારધોરણ ૨૫,૫૦૦-૮૧,૧૦૦ હોય છે.
- MPHWની લાયકાત ધોરણ ૧૨ બાદ સેનેટરી ઇન્સ્પેકરનો કોર્ષ અથવા MPHWનો કોર્ષ કરેલ હોય અને FHW માટેની લાયકાત ANM કોર્ષ કરેલ હોય.
- તેઓની ભરતી, સેવા વિષયક બાબતો જેવી કે નિમણુંક, બઢતી, બદલી, નિવૃત્તિ વગેરે જીલ્લા પંચાયતો દ્વારા કરવામાં આવતુ હોય છે.
- તેઓ પંચાયત વિભાગ હસ્તકના ગ્રામ્ય વિસ્તારોમાં પેટા કેન્દ્રો અને પ્રા.આ. કેન્દ્રોમાં ફરજ બજાવતાં હોય છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૧

## પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૨૦૩૧

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ, વાંસદા**

**પ્રશ્ન:- કર્મચારીઓને ચુકવાયેલ સર્વેલન્સ ભથ્થુ પરત વસુલવા બાબત.**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ રાજ્યમાં કેટલા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કર ફરજ બજાવે છે ?<br>➢ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કરની કામગીરી શું છે ? | ડૉ. દર્શનાબેન દેશમુખ, નાંદોદ |
| ૨ | ➢ રાજ્યમાં કેટલા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝર ફરજ બજાવે છે?<br>➢ મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝરની કામગીરી શું છે? | શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૦૩૧**

**આરોગ્ય વિભાગ**

**તા. ૨૭/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (ડૉ. દર્શનાબેન દેશમુખ, નાંદોદ)

- **રાજ્યમાં કેટલા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કર ફરજ બજાવે છે ?**
- **મલ્ટી પરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કરની કામગીરી શું છે ?**

**જવાબ–**

- રાજ્યમાં પેટા આરોગ્ય કેન્દ્રો તથા પ્રા.આ.કેન્દ્રોમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કર ફરજ બજાવતા હોય છે.
- હાલમાં રાજ્યમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કર ૯૮૩૨ અને ફીમેલ હેલ્થ વર્કર **૧૧,૩૯૭** ફરજ બજાવે છે.
- **મલ્ટી પરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કરની કામગીરી જોઇએ તો :–**
  - ડીસીઝ સર્વેલન્સની કામગીરી જેમાં પાણીજન્ય, વાહકજન્ય કે વાયરસથી થતાં રોગોમાં સર્વેલન્સ બાદ રોગચાળા અટકાયતની કામગીરી, પોરાનાશક કામગીરી, જંતુનાશક દવા છંટકાવની કામગીરીનું આયોજન, ક્લોરીનેશન કામગીરી, ફોગીંગ કામગીરી,
  - મેલેરિયા તથા ટી.બી. જેવા રોગોમાં રૂબરૂ દવા ગળાવવાની કામગીરી

મુખ્ય પેજ

- રક્તપિત ઉન્નમુલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિતના દર્દીઓ શોધવા તથા સારવાર અપાવવી
- પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત માતામરણ, બાળમરણ અટકાવવાની કામગીરી
- શાળામાં આરોગ્ય શિક્ષણ
- અંધ અને મોતીયાના કેસોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા
- બીનચેપી રોગો જેવા કે, કેન્સર, ડાયબીટીસ, બ્લડપ્રેશરના દર્દીઓની શોધખોળ કરવી અને જરૂરી સારવાર અપાવવી
- લોકોને બીમારીઓમાં અને ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર અપાવવી, માહિતીનું સંકલન, રેકર્ડ અને રીપોર્ટીંગની કામગીરી, આરોગ્યલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ તથા આરોગ્યને લગતા પ્રચાર અને પ્રસાર જેવી કામગીરી કરવામાં આવે છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા)

- **રાજ્યમાં કેટલા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝર ફરજ બજાવે છે?**
- **મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝરની કામગીરી શું છે?**

**જવાબ :–**

- રાજયમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હસ્તક મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝર ફરજો બજાવતાં હોય છે.
- હાલ રાજ્યમાં કુલ ૧૪૦૪ મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ૧૦૫૩ ફીમેલ હેલ્થ સુપરવાઈઝર ફરજ બજાવે છે.
- **મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝરની કામગીરી જોઇએ તો :–**
- મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝર દ્વારા
  - પુરુષ આરોગ્ય કાર્યકર તેમજ સ્ત્રી આરોગ્ય કાર્યકરોની કામગીરીનું મોનીટરીંગ સુપરવિઝન અને વહીવટી કામગીરી,
  - તાલીમ અને આરોગ્ય શિક્ષણ, આરોગ્યલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ,
  - વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરી
  - સંચારી રોગ નિયંત્રણની કામગીરી
  - કુટુંબ કલ્યાણ કાર્યક્રમની કામગીરી
  - રક્તપિત નિયંત્રણની કામગીરી

મુખ્ય પેજ

ક્ષય રોગ નિયંત્રણની કામગીરી કરવામાં આવે છે.

# પ્રશ્ન –૨

## પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૭૩૪
## તા. ૨૭/૦૨/૨૦૨૪

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

## માન. ધારાસભ્યશ્રી :
**શ્રીમતી સેજલબેન પંડ્યા, ભાવનગર (પૂર્વ)**

**પ્રશ્ન :–** ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોનું બાંધકામ

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોનું બાંધકામ**

***15/4/1734 શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા** (ભાવનગર પૂર્વ)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોના બાંધકામનું આયોજન છે કે કેમ, અને | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) | ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલના બાંધકામ માટે રૂ.૭૦૦૦/- લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

➢ ભાવનગર જીલ્લા ખાતે સુપર સ્પેશ્યાલીટી સગવડો ધરાવતી સર ટી. હોસ્પિટલ તથા સરકારી મેડિકલ કોલેજ કાર્યરત છે. તેમજ પાલીતાણા અને મહુવા ખાતે પેટા જીલ્લા હોસ્પિટલો કાર્યરત છે. આ ઉપરાંત ૧૩ CHC (સામુહિક આરોગ્ય કેન્દ્ર) તેમજ ૪૮ PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ઉપલબ્ધ છે.

| ક્રમ | તાલુકાનુ નામ | જીલ્લા હોસ્પિટલની સંખ્યા | પેટા જીલ્લા હોસ્પિટલની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧ (મેડીકલ કોલેજ સંલગ્ન સર.ટી.હો.ભાવનગર) | - | ૨ | ૬ |
| ૨ | ગારીયાધાર | - | - | ૧ | ૩ |
| ૩ | ઘોઘા | - | - | ૧ | ૩ |
| ૪ | જેસર | - | - | ૧ | ૨ |
| ૫ | મહુવા | - | ૧ | ૨ | ૧૦ |
| ૬ | શિહોર | - | - | ૧ | ૫ |
| ૭ | તળાજા | - | - | ૩ | ૯ |
| ૮ | ઉમરાળા | - | - | ૧ | ૨ |
| ૯ | વલ્લભીપુર | - | - | ૧ | ૩ |
| ૧૦ | પાલીતાણા | - | ૧ | ૦ | ૫ |
| | **કુલ** | **૧** | **૨** | **૧૩** | **૪૮** |

મુખ્ય પેજ

# સર.ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે (નારી ગામ) મંજુર થયેલ કામોની વિગત

| ક્રમ | મંજુર થયેલ આરોગ્ય લક્ષી બાંધકામ ની વિગત | મંજુર/જોગવાઈ થયેલ બજેટ વર્ષ | અંદાજીત કીમત કરોડ માં |
|---|---|---|---|
| ૧ | કુલ ૧૦૪૦ વિદ્યાર્થીઓ માટે યુ.જી હોસ્ટેલનું બાંધકામ | ૨૦૧૧-૧૨ | રૂ. ૧૧૭.૫૭ કરોડ |
| ૨ | ૫૪૯ પથારીવાળી મધર એન્ડ ચિલ્ડ્રન હોસ્પિટલ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૮૯.૪૩ કરોડ |
| ૩ | ૧૧૭૭ પથારીની ધરાવતી નવી ટીચિંગ હોસ્પિટલનું બાંધકામ | ૨૦૨૩-૨૪ | રૂ. ૪૮૮.૨૦ કરોડ |
| ૪ | ૩૦૦ વિદ્યાર્થી માટે પી.જી હોસ્ટેલનું બાંધકામ | ૨૦૨૩-૨૪ | રૂ. ૫૩.૮૦ કરોડ |
| ૫ | તબીબી વિદ્યાર્થીઓ માટે એકેડમિક બ્લોક | ૨૦૨૪-૨૫ | રૂ. ૧૩૦.૦૦ કરોડ |
| **કુલ નવા બનાવવાના થતા બાંધકામ ની કિમત** | | | **રૂ. ૯૭૯.૦૦ કરોડ** |

મુખ્ય પેજ

## ➢ નવી ઉપલબ્ધ થનાર સુવિધાઓ અંગેની વિગત :–

હાલના હયાત કેમ્પસ ખાતે જગ્યાના અભાવના કારણે આ બાંધકામ સરકારી મેડિકલ કોલેજની નારી ગામ(**અંદાજે ૧૧ કી.મી દુર**) પાસેની જગ્યામાં કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આમ થવાથી નારી કેમ્પસ ખાતે નવી જગ્યામાં એક જ કેમ્પસમાં ટીચિંગ હોસ્પિટલ, મેટરનિટી અને ચાઇલ્ડ હોસ્પિટલ અને મેડિકલ કોલેજનો એકેડેમીક બ્લોક વિગેરે તમામ સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે.

જે કાર્યરત થયેથી સર.ટી. હોસ્પિટલની હાલ હયાત કુલ **૮૫૭** બેડની સામે મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલમાં ૧૨૫ આઇ.સી.યુ. બેડ સાથે કુલ **૫૪૯** અને નવી મેડીકલ કોલેજ હોસ્પિટલ/ટીચિંગ હોસ્પિટલમાં ૧૨૭ આઈ.સી.યુ. બેડ સાથે **૧૧૭૭** આમ કુલ **૨૫૨ આઈ.સી.યુ. બેડ સાથે ૧૭૨૬ બેડ** ઉપલબ્ધ થનાર છે.

## ➢ Mother & Child Hospital (MCH) (મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ)

- હાલમાં ગાયનેક અને બાળરોગ વિભાગોમાં કુલ **૨૨૫** પથારીઓ ઉપલબ્ધ છે, જે નવી મેટરન્ટી અને ચાઇલ્ડ હોસ્પિટલ બનવાથી તેમાં ૧૨૫ આઈ.સી.યુ બેડ તથા ૪૨૪ આઈ.પી.ડી. બેડ સાથે **કુલ ૫૪૯ પથારી**ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. M.C.H (મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ) નો બાંધકામ વિસ્તાર ૪૧,૯૪૯ ચો.મી. (ગ્રાઉન્ડ + ૯ માળ) થવા જાય છે જેમાં ૮ મોટા તથા ૨ નાના ઓપરેશન થીએટર એમ કુલ = ૧૦ અદ્યતન ઓપરેશન થિએટર, માતાઓ, બાળકો માટે એચ ડી યુ, પી આઈ સી યુ, માતાઓ માટેના સર્વિસ બેડ સહિતની અદ્યતન સિવિધાઓ ઉપલબ્ધ થનાર છે.

મુખ્ય પેજ

- **New Medical College Hospital (Teaching Hospital)** (નવી મેડીકલ કોલેજ હોસ્પિટલ/ટીચિંગ હોસ્પિટલ)

  નવી અદ્યતન ટીચિંગ હોસ્પિટલ નો બાંધકામ વિસ્તાર ૧૧૨૮૩૮ ચોરસ મીટર ) ગ્રાઉન્ડ + 9 માળ (થવા જાય છે જેમાં **22** મોટા તથા **6** નાના ઓપરેશન થીએટર એમ કુલ = **28** ઓપરેશન થીએટર, **127** આઈ.સી.યુ બેડ તથા **1050** આઈ.પી.ડી .બેડ સાથે કુલ = **૧૧૭૭** ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. હાલમાં ઉપલબ્ધ તમામ વિભાગો આ નવી બનનાર મોટી અને આધુનિક હોસ્પિટલ બિલ્ડિંગમાં કાર્યરત થશે.

  **આમ, નવા નારી કેમ્પસ ખાતે કુલ ૧૧૭૭ + ૫૪૯ = ૧૭૨૬ પથારીઓ ઉપલબ્ધ થનાર છે.**

- **બેઠકમાં થનાર વધારો :– (હાલ ૨૦૦ બેઠક છે)**

  આ પથારીઓમાં વધારો થવાને કારણે નેશનલ મેડિકલ કમિશનના ધારા ધોરણે અનુસારની ટીચિંગ હોસ્પીટલમાં પથારીઓ વધશે અને જેને કારણે ભાવનગરની મેડિકલ કોલેજ ખાતે ભવિષ્યમાં એમ.બી.બી.એસ.ની બેઠકોમાં વધારો કરીને **તેને ૨૫૦ બેઠકો સુધી પણ લઈ જઈ શકાશે**.

- **કામગીરીનું સ્ટેટસ:-**
- **ટીચીંગ હોસ્પિટલ અને એમ.સી.એચ.**
- હાલ બાંધકામના ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ સક્ષમ કક્ષાએથી મંજૂરી અર્થે વિભાગમાં રજુ કરેલ છે. જે મંજુર થનાર ડીટેઈલ પ્રોજેક્ટ

મુખ્ય પેજ

રીપોર્ટમાં ટીચિંગ હોસ્પિટલની અંદાજીત રકમ **૩.૪૮૮.૨૦ કરોડ** તથા **M.C.H (મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ)** ની અંદાજીત રકમ **૩.૧૮૯.૪૩ કરોડ** થવા જાય છે. આમ કુલ મળીને બંને હોસ્પિટલના અંદાજ **૩.૬૭૭.૬૩ કરોડ** થવા જાય છે, જેની ટૂંક સમયમાં ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ મંજૂર થયે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

➢ **સર.ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે હાલ ઉપલબ્ધ પી.એમ.એસ.એસ.વાય – સુપર સ્પેશ્યાલીટી બ્લોક**

પી.એમ.એસ.એસ.વાય સુપર સ્પેશ્યાલિટી બ્લોક – સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર કેમ્પસ ખાતે જ કેન્દ્રીય પુરસ્કૃત યોજના અંતર્ગત ૨૦૦ કરોડના ખર્ચે પી.એમ.એસ.એસ.વાય સુપર સ્પેશ્યાલિટી બ્લોક મંજૂર થયેલ છે. જેનું બાંધકામ પૂર્ણ થયેલ છે. સાધનોના ઈન્સટોલેશન અને મેડીકલ ગેસ પાઈપલાઈન અંગેની કામગીરી શરૂ છે. જે **નીચે મુજબનાં કુલ ૦૬ સુપર સ્પેશ્યાલીટી વિભાગો કુલ ૨૦૦ બેડ સાથે કાર્યરત થનાર છે:–**

- કાર્ડિયોલોજી – હૃદય રોગનાં મેડીકલ સારવાર માટે
- કાર્ડિયો વાસ્કુલર & થોરાસિક સર્જરી– હૃદય રોગનાં સર્જીકલ સારવાર માટે
- યુરોલોજી – કિડની અને યુરીનરી સિસ્ટમને લગતી સર્જીકલ સારવાર
- નેફ્રોલોજી – કિડની રોગનાં મેડીકલ સારવાર માટે
- ન્યુરોલોજી – મગજ અને ચેતના તંત્ર ને લગતી મેડીકલ સારવાર
- ન્યુરો સર્જરી – મગજ અને ચેતના તંત્ર ને લગતી સર્જીકલ સારવાર

મુખ્ય પેજ

# મહુવા એસ.ડી.એચ. ની વિગત

- ભાવનગર જીલ્લાના મહુવા તાલુકા મથકે આવેલ જનરલ હોસ્પિટલ કેમ્પસમાં હયાત તમામ બિલ્ડીંગના બાંધકામ અંદાજીત ૬૦ થી ૧૦૦ વર્ષ જુના, જર્જરિત મકાનો તોડી પાડવાની મંજુરી મેળવેલ છે.
- એકજ બિલ્ડીંગ માં ૧૫૦ પથારી સાથે અદ્યતન સુવિધાઓનો સમાવેશ થઇ શકે તે મુજબ હયાત કેમ્પસનો સર્વે કરી નવી હોસ્પિટલનું પ્લાનિંગ કરેલ છે. જેનું બાંધકામ ૨૫૨૨૫.૦૦ ચોરસ મીટર થાય છે. જે નાણાકીય જોગવાઈ થયે આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.
- હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ નજીકમાં આવેલ બિલ્ડીંગ ખાતે હોસ્પિટલની સુવિધા ખસેડવા માટે જરૂરી ફેરફારોની કામગીરી અગામી ૧૫ – દિવસમાં ચાલુ થનાર છે. જે બાબતે એજન્સી શ્રી ધર્મનંદન કન્સ્ટ્રકશન – સુરતને ડીપોઝીટ ભરી વર્ક ઓર્ડર મેળવવા માટે તા. ૧૬/૦૨/૨૦૨૪ ના રોજ જાણ કરેલ છે. હોસ્પિટલ શિફ્ટ કરતા પહેલા જરૂરી લેબૉરેટરીની સુવિધાઓ માટેનું બિલ્ડીંગ ચાલી રહેલ છે જે એપ્રિલ ૨૦૨૪ માં પૂર્ણ થનાર છે. આમ, આગામી ૪ માસમાં હોસ્પિટલ શિફ્ટ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

મુખ્ય પેજ

| સર.ટી.હોસ્પિટલ, ભાવનગરનું મહેકમ | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૦૨ | ૦૧ | ૦૧ |
| વર્ગ–૨ | ૬૩ | ૩૭ | ૨૬ |
| વર્ગ–૩ | ૭૮૮ | ૫૨૦ | ૨૬૮ |
| વર્ગ–૪ | ૧૭૮ | ૧૭૮ | ૦૦ |
| **કુલ** | **૧૦૩૧** | **૭૩૬** | **૨૯૫** |

| સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર મહેકમ | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૨૨૭ | ૧૩૦ | ૯૭ |
| વર્ગ–૨ | ૭૩ | ૨૩ | ૫૦ |
| વર્ગ–૩ | ૨૮૧ | ૧૯૮ | ૮૩ |
| વર્ગ–૪ | ૧૧૩ | ૧૧૩ | ૦૦ |
| **કુલ** | **૬૯૪** | **૪૬૪** | **૨૩૦** |

મુખ્ય પેજ

# ભાવનગર શહેર ખાતે આવેલ ટીચિંગ હોસ્પિટલ ના ચાલી રહેલ જમીન પ્રશ્નની ટૂંકી વિગત

- ભાવનગર શહેર ખાતે આવેલ સર.ટી.હોસ્પિટલ (ટીચિંગ હોસ્પિટલ) કેમ્પસ ની કુલ જમીન પૈકી અંદાજીત ૪૦% ભાગની જમીન પર જુના ભાવનગર રાજ્યના સેનાપતિ સ્વ. શ્રી કાળુભા કરણસિંહ ઝાલાના વારસદારશ્રીઓ દ્વારા કોર્ટમાં દાખલ કરેલ દાવો છેલ્લા ૧૫ વર્ષ કરતા વધારે સમયથી ચાલી રહેલ છે.
- સ્વ.શ્રી કાળુભા કરણસિંહ ઝાલાની ફરજનિષ્ઠા અને રાજ્યને આપેલ સેવા લક્ષમાં લઇ, ભાવનગરના મહારાજા સાહેબે મોજે વળવા સર્વે નં.૪૬૧, ૪૬૨ વળી જમીન તા.૦૪/૦૭/૧૮૯૮ ના બક્ષીસ લેખથી આપેલ.
- ગુજરાત મહેસુલ પંચ ના તા.૧૯/૦૫/૨૦૧૪ ના હુકમ થી નારાજ અરજદારોએ નામ. ગુજરાત હાઈકોર્ટ ખાતે અપીલ અરજી કરેલ જેમાં તા. ૨૭/૦૫/૨૦૧૪ ના રોજ યથાવત પરિસ્થિતિ જાળવવાની સુચના આપેલ છે. જે કેસ આજદિન સુધી ચુકાદો આવેલ નથી.
- હાલ ગુજરાત હાઈકોર્ટ ની વેબસાઈટ પર તાજેતરની વિગતો તપાસતા તાજેતરમાં જે ઓર્ડર કરવામાં આવેલ છે તે ઓર્ડર અન્વયે આગામી તા.૨૧/૦૩/૨૦૨૪ થી મેટર લીસ્ટેડ થશે તેમ જાણવા મળેલ છે.
- સદર કોર્ટ કેસ વાળી જગ્યાએ વિવિધ હોસ્પિટલ તથા હોસ્ટેલ બિલ્ડીંગ આવેલ છે જેના રોજ- બરોજ ના મેન્ટેનન્સ કામ જેવા કે, પાણીની લાઈન રીપેરીંગ, હયાત ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી

મુખ્ય પેજ

વિદ્યાર્થીનીઓની સલામતીના પ્રશ્ને જાહેર રસ્તા તરફની દીવાલ માત્ર ૧ થી ૨ ફૂટ ઉચી લેવી, વિવાદ વાળી જગ્યા માં આવેલ બિલ્ડીંગ માં પાણી ચડાવતા સંપ નું જરૂરી રીપેરીંગ કામગીરી કરતા સમયે પણ અવાર નવાર અત્રેની કચેરી ને તેઓના વકીલશ્રી દ્વારા નોટીસ પાઠવવામાં આવે છે તથા કોર્ટ માં કન્ટેમ ઓફ કોર્ટ દાખલ કરવા જેવી કામગીરી કરેલ છે.

- આમ, સદર બાબતોને ધ્યાને લેતા હાલ ની પરિસ્થિતિ માં સર.ટી.હોસ્પિટલ–ભાવનગર ના હયાત કેમ્પસ માં સરકારશ્રી દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં અનેક યોજનાઓ અંતર્ગત જરૂરીયાત મુજબ ના કે મંજુર થયેલ મુખ્યત્વે કોઈજ આરોગ્યલક્ષી બાંધકામો થઇ શકેલ નથી. સરકારશ્રી દ્વારા મેડીકલ કોલેજ ભાવનગર ને વર્ષ ૧૯૯૫–૯૬ માં ૫૦ સીટ ની મંજુરીથી કાર્યરત કરવામાં આવેલ હોય ત્યાર બાદ સમયાંતરે ૫૦ થી ૨૦૦ બેઠકો યુ.જી તથા ૧૩૧ બેઠકો પી.જી ની મંજુરી મળેલ છે. પરંતુ અગાઉ નર્સિંગ કોલેજ તથા કેંસર હોસ્પિટલ નું બાંધકામ થતા હાલ સદર ટીચિંગ હોસ્પિટલ કેમ્પસ માં જગ્યા ના અભાવે કોઈજ આરોગ્ય લક્ષી અદ્યતન બાંધકામ થઇ શકેલ નથી.
- આમ, છેલ્લા કેટલાક વર્ષ માં સરકારશ્રી દ્વારા મેડીકલ કોલેજની હાલ મંજુર થયેલ ૨૦૦ યુ.જી. તથા ૧૩૧ પી.જી. બેઠકો ને ધ્યાને લઈ આરોગ્ય ક્ષેત્રે નીચે દર્શાવ્યા મુજબ ના અદ્યતન સુવિધાઓ પૂરી પાડવા અનેક બાંધકામો મંજુર થવા છતાં કોઈજ બાંધકામ ની કામગીરી હાથ ધરી શકાયેલ નથી.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૨

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૩૪

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રીમતી સેજલબેન પંડ્યા,ભાવનગર (પૂર્વ)**

**પ્રશ્નઃ– ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોનું બાંધકામ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ ભાવનગર ખાતે નવી બનનાર પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલમાં કઇ કઇ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે ? અને<br>➢ તે કેટલી પથારીની બનાવવામાં આવનાર છે ? | શ્રીમતી સેજલબેન પંડ્યા,ભાવનગર (પૂર્વ) |
| ૨ | ➢ ભાવનગર ખાતે આવેલ સર.ટી.હોસ્પિટલ, ભાવનગર ખાતે કેટલી પથારીની સુવિધા હાલ ઉપલબ્ધ છે ? અને<br>➢ જીલ્લામાં પી.આઇ.યુ. દ્વારા કયાં કયાં પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? | શ્રી શિવાભાઇ ગોહિલ, મહુવા |

**અગ્રતાક્રમ– ૨**

મુખ્ય પેજ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૭૩૪**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રીમતી સેજલબેન પંડ્યા,ભાવનગર (પૂર્વ))

- **ભાવનગર ખાતે નવી બનનાર પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલમાં કઇ કઇ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે ? અને**
- **તે કેટલી પથારીની બનાવવામાં આવનાર છે ?**

**જવાબ–**

- **બાળ આરોગ્ય ને લગતી તમામ મેડીકલ અને સર્જીકલ સારવાર જેવી કે**
  - ઓ.પી.ડી. વિભાગ
  - ઈન્ડોર પેશન્ટ વિભાગ
  - સઘન સારવાર વિભાગ (NICU, PICU, PRICU)
  - એમ.એન.સી.યુ. – મધર અને નવજાત શિશુ કેર યુનિટ
  - ડી.ઈ.આઈ. આર.સી. – નવજાત શિશુમાં ખોટ ખાપણનું વહેલું નિદાન અને સારવાર
  - મિલ્ક બેન્ક
  - કંગારૂ મધર કેર – ઓછા વજન વાળા બાલકો
  - એન.આર.સી. – કુપોષિત બાલકો માટે

મુખ્ય પેજ

- આઈસોલેશન વિભાગ
- પિડિયાટ્રીક સર્જરી
- સ્ત્રી રોગ અને પ્રસૂતિ ને લગતી તમામ મેડીકલ અને સર્જીકલ સારવાર
- ઓ.પી.ડી. વિભાગ
- ઈન્ડોર પેશન્ટ વિભાગ
- સઘન સારવાર વિભાગ (HDU, Obst. ICU)
- એમ.એલ.સી.યુ.– મિડવાઈફરી લેડ કેર યુનિટ
- પી.પી.ટી.સી.ટી. – વાળી માં થી બાલકમાં એચ.આઇ.વી. અટકાવવા માટે
- કંગારૂ મધર કેર – ઓછા વજન વાળા બાલકો
- પ્રી લેબર રૂમ
- લેબર રૂમ (પ્રસૂતિ ગૃહ)
- પોસ્ટ લેબર રૂમ
- ઓપરેશન થીએટર– ઓબ્સ. ઓ.ટી./ ગાયનેક ઓ.ટી./ સેપ્ટિક ઓ.ટી.
- પરિવાર કલ્યાણને લગતી સેવાઓ– આઈ.યુ.સી.ડી./ પી.પી.આઈ.યુ.સી.ડી./ સ્ત્રી અને પુરૂષ નસબંદી ઓપરેશન
- અન્ય ગર્ભ નિરોધક સેવાઓ
- મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગનેન્સી
- આઈસોલેશન વિભાગ

મુખ્ય પેજ

- હાલમાં ગાયનેક અને બાળરોગ વિભાગોમાં કુલ **૨૨૫** પથારીઓ ઉપલબ્ધ છે, નારી ગામ ખાતે રૂ. રૂ.૧૮૯.૪૩ કરોડના ખર્ચે નવી મેટરનિટી અને ચાઇલ્ડ હોસ્પિટલ બનવાથી તેમાં ૧૨૫ આઈ.સી.યુ બેડ તથા ૪૨૪ આઈ.પી.ડી. બેડ સાથે **કુલ ૫૪૯ પથારી**ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. M.C.H (મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ) નો બાંધકામ વિસ્તાર ૪૧,૯૪૯ ચો.મી. (ગ્રાઉન્ડ + ૯ માળ) થવા જાય છે જેમાં ૮ મોટા તથા ૨ નાના ઓપરેશન થીએટર એમ કુલ = ૧૦ અદ્યતન ઓપરેશન થિએટર સહિતની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી શિવાભાઇ ગોહિલ, મહુવા)

- **ભાવનગર ખાતે આવેલ સર.ટી.હોસ્પિટલ, ભાવનગર ખાતે કેટલી પથારીની સુવિધા હાલ ઉપલબ્ધ છે ? અને**
- **જીલ્લામાં પી.આઇ.યુ. દ્વારા કયાં કયાં પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે ?**

**જવાબ–**

- ભાવનગર ખાતે આવેલ સર.ટી.હોસ્પિટલ ભાવનગર ખાતે **૮૫૭ પથારીની** સુવિધા ઉપલબ્ધ છે.
- ભાવનગર જીલ્લામાં પી.આઇ.યુ દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગતો જોઇએ તો ...

મુખ્ય પેજ

| અનુ ક્રમ | સરકારી મેડીકલ કોલેજ કેમ્પસ નું નામ | મંજુર કરેલ કામ ની વિગત | ઉપલબ્ધ થનાર સુવિધાઓ | કામની છેલ્લી પરિસ્થિતિ | અંદાજીત રકમ કરોડ માં | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સર.ટી.હોસ્પિટલ અને મેડીકલ કોલેજ ભાવનગર | કંસ્ટ્રક્શન ઓફ પ્રી–ફેબ સ્ટ્રક્ચર ફોર લેક્ચર થીએટર, લેબોરેટરીસ એન્ડ મ્યુઝીયમ ફોર મેડીકલ કોલેજ ભાવનગર. | લેક્ચર થીએટર, લેબોરેટરીસ એન્ડ મ્યુઝીયમ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | કેમ્પસ લેવલીંગ ની કામગીરી ચાલુ કરેલ છે. 21/02/2024 | રૂ. ૨૪.૯૯ | તા.૨૦/૦૨/૨૦૨૪ થી જમીન ઉપલબ્ધ થયેલ છે. |
| ૨ | સર.ટી.હોસ્પિટલ અને મેડીકલ કોલેજ ભાવનગર | ન્યુ કંસ્ટ્રક્શન ઓફ યુ.જી. બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ ફોર ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ ભાવનગર | ૧૦૪૦ તબીબી વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | કેમ્પસ લેવલીંગ ની કામગીરી ચાલુ કરેલ છે. 21/02/2024 | રૂ.૧૧૭.૫૭ | એલ.ઓ.એ. ઇસ્યુ થયેલ છે. |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | સર.ટી.હોસ્પિટલ અને મેડીકલ કોલેજ ભાવનગર | મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ | ૪૪૯ બેડેડ હોસ્પિટલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | ૩.૧૮૯.૪૩ | ડ્રાફ્ટ પ્રોજેક્ટ રીપોર્ટ મંજૂરી હેઠળ છે. |
| ૪ | સર.ટી.હોસ્પિટલ અને મેડીકલ કોલેજ ભાવનગર | ટીચિંગ હોસ્પિટલ – ભાવનગર | ૧૧૭૭ બેડેડ હોસ્પિટલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | ૩.૪૮૮.૨૦ | ડ્રાફ્ટ પ્રોજેક્ટ રીપોર્ટ મંજૂરી હેઠળ છે. |
| ૫ | સર.ટી.હોસ્પિટલ અને મેડીકલ કોલેજ ભાવનગર | પી.જી.હોસ્ટેલ ફોર મેડીકલ કોલેજ – ભાવનગર | ૩૦૦ તબીબ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | ૩.૫૩.૮૦ | ડ્રાફ્ટ પ્રોજેક્ટ રીપોર્ટ મંજૂરી હેઠળ છે. |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | સર.ટી.હોસ્પિટલ અને મેડીકલ કોલેજ ભાવનગર | એકેડમિક બ્લોક ફોર મેડીકલ કોલેજ – ભાવનગર | ૮૦૦ યુ.જી તેમજ ૨૭૦ પી.જી વિદ્યાર્થીઓ ને તબીબી શિક્ષણ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | રૂ.૧૩૦.૦૦ | ડ્રાફ્ટ પ્રોજેક્ટ રીપોર્ટ મંજૂરી હેઠળ છે. |
| ૭ | એસ.ડી.એચ. –૨ મહુવા તથા પાલીતાણા | ૧) મહુવા ખાતે નવી ૧૫૦ બેડની હોસ્પિટલ મંજુર થયેલ છે.<br>૨) પાલીતાણા ખાતે ૨૦૦ બેડની હોસ્પિટલ મંજુર થયેલ છે | આસપાસના ગામો ને સારી મેડીકલ ફેસેલીટી ઉપલબ્ધ થશે. | ૧) અંદાજો મંજૂરી હેઠળ<br>૨) એજન્સીને LOA આપેલ છે | ૧) રૂ.૧૦૩.૦૦ કરોડ<br>૨) રૂ. ૧૯૪.૦૦ કરોડ | |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | સામુહિક આરોગ્ય કેન્દ્ર–૧૩ | ૧) ૧–પ્રગતિ હેઠળ<br>૨) ૩– નવા બાંધકામ અંગે ટેન્ડર પ્રક્રિયા<br>૩) ૪– રીપેરીંગ કામ શરૂ | | ૧) ૪.૭૩ કરોડ<br>૨) ૧૪.૨૫ કરોડ<br>૩) ૬૦.૦૦ લાખ | | |
| ૯ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–૪૮ | ૧) ૨– પ્રગતિ હેઠળ,<br>૨) ૪–નવા બાંધકામ માટે ટેન્ડર પ્રક્રિયા,<br>૩) ૩૩– રીપેરીંગ હેઠળ | | ૧) ૨.૨૬ કરોડ<br>૨) ૫.૬૦ કરોડ<br>૩) ૨.૩૧ કરોડ | | |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | સબ સેન્ટર–૨૯૯ | ૧) ૦૫–પ્રગતિ હેઠળ,<br>૨) ૧૮૭– રીપેરીંગ હેઠળ | | ૧) ૧.૨૫ કરોડ<br>૨) ૪.૬૭ કરોડ | | |

મુખ્ય પેજ

# પ્રશ્ન –3

**પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૭૨૮**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**ડૉ. પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા)**

**પ્રશ્ન :– મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવા બાબત**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવા બાબત**

***15/4/1728 પાયલ મનોજકુમાર કુકરાની** (નરોડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવાનું આયોજન છે, અને | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબની મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવાનું આયોજન છે:<br>(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.<br>(૨) સર સયાજીરાવ જનરલ હોસ્પિટલ, વડોદરા.<br>(૩) નવી સિવિલ હોસ્પિટલ, સુરત.<br>(૪) ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર.<br>(૫) સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર. |
| (૨) | કયા રોગો માટે આ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે? | (૨) | (૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ — જન્મજાત બાળકોના ખોડખાપણને લગતા રોગો, વૃદ્ધ લોકોને લગતા રોગો, મગજ અને જ્ઞાનતંતુના રોગો<br>(૨) સર સયાજીરાવ જનરલ હોસ્પિટલ, વડોદરા — હૃદય રોગ, કિડનીના રોગ, આંખના રોગો<br>(૩) નવી સિવિલ હોસ્પિટલ, સુરત — હૃદય રોગ, કિડનીના રોગ, મૂત્રાશયના રોગો, મગજ અને જ્ઞાનતંતુના રોગો<br>(૪) ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર — હૃદય રોગ, મૂત્રાશયના રોગો, પ્લાસ્ટીક સર્જરી, પેટના રોગ<br>(૫) સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર — હૃદય રોગ, હૃદય અને લોહીની નસોના રોગો, કિડનીના રોગો, મગજ અને જ્ઞાનતંતુના રોગો |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવાનું આયોજન છે જેમાં..

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ
(૨) સર સયાજીરાવ જનરલ હોસ્પિટલ, વડોદરા
(૩) નવી સિવિલ હોસ્પિટલ, સુરત
(૪) ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર
(૫) સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર

**આ હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓની વિગતો જોઈએ તો :-**

- **સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે**
  - જન્મ જાત બાળકોના ખોડખાપણને લગતા રોગો
  - વૃદ્ધ લોકોને લગતા રોગો
  - મગજ અને જ્ઞાનતંતુના રોગોની સારવાર
- **એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા**
  - હૃદય રોગ
  - કિડનીના રોગ
  - આંખના રોગો
- **નવી સિવિલ હોસ્પિટલ, સુરત**
  - હૃદય રોગ
  - કિડનીના રોગ
  - મૂત્રાશયના રોગો

મુખ્ય પેજ

- મગજ અને જ્ઞાનતંતુના રોગો

➢ **જી.જી. હોસ્પિટલ, જામનગર**
- હ્રદય રોગ
- મૂત્રાશયના રોગો
- પ્લાસ્ટીક સર્જરી
- પેટના રોગો

➢ **સર ટી. હોસ્પિટલ, ભાવનગર**
- હ્રદય રોગ
- હ્રદય અને લોહીની નસોના રોગો,
- કિડનીના રોગો,
- મગજ અને જ્ઞાનતંતુના રોગો

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :3

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૮

## તા. ૨૭/૦૨/૨૦૨૪

## આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : ડૉ. પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા)**

**પ્રશ્ન:– મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવા બાબત**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ક્યા ક્યા પ્રકારની મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ ઉપલબ્ધ છે ? અને<br>➢ અન્ય કઇ કઇ સુવિધાઓને લગતી કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? તેની વિગતો જણાવશો. | ડૉ. પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા) |
| ૨ | ➢ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા તથા નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે ક્યા ક્યા પ્રકારની મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ હાલ ઉપલબ્ધ છે ?<br>➢ અન્ય કઇ કઇ સુવિધાઓને લગતી કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? તેની વિગતો જણાવશો. | શ્રી ચૈતન્ય દેસાઇ, અકોટા |
| ૩ | ➢ સર ટી. હોસ્પિટલ, ભાવનગર તથા જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે ક્યા ક્યા પ્રકારની મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ હાલ ઉપલબ્ધ છે ? અને<br>➢ અન્ય કઇ કઇ સુવિધાઓને લગતી કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? તેની વિગતો જણાવશો. | શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર (દ) |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૭૨૮**

**આરોગ્ય વિભાગ**

**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (ડૉ. પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા))

- **સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ક્યા ક્યા પ્રકારની મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ ઉપલબ્ધ છે ? અને**
- **અન્ય કઇ કઇ સુવિધાઓને લગતી કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? તેની વિગતો જણાવશો.**

**જવાબ–**

- સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ન્યુરો સર્જરી, પીડીયાટ્રીક સર્જરી, કાર્ડીયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જરી, ગેસ્ટ્રો સર્જરી, યુરોસર્જરી, ન્યૂરો મેડીસીન, પ્લાસ્ટીક સર્જરી જેવી મલ્ટી / સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ ઉપલબ્ધ છે.
- આગામી સમયમાં નિયોનેટોલોજી, જિરિયાટ્રીક, ન્યુરોમેડીસીન જેવી નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.
- આ ઉપરાંત હાથ ધરવામાં આવેલ અન્ય કામગીરી જોઇએ તો...

મુખ્ય પેજ

# બી.જે.મેડીકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ

| મંજુર કરેલ કામની વિગત | ઉપલબ્ધ થનાર સુવિધા | કામની છેલ્લી પરિસ્થિતિ | અંદાજીત રકમ |
|---|---|---|---|
| મેડીકલ ગર્લ્સ હોસ્ટેલ | ૫૨૮ વિદ્યાર્થીની ક્ષમતા | પ્રગતિ હેઠળ | ૫૧.૦૫ કરોડ |
| રેનબસેરા | ૮૪૦ દર્દીના સગા રહી શકે તેવી સુવિધા, ૨૮૦ દર્દીના સગા એક સાથે જમી શકે તેવી કેન્ટીન તથા ૦૮ દુકાનની સુવિધા | પ્રગતિ હેઠળ | ૩૬.૬૩ કરોડ |
| પી.એમ. રૂમ | ૦૯ ડેડબોડી એક સાથે પોસ્ટ મોર્ટમ કરી શકાય તેવી સુવિધા, | ફાઉન્ડેશનની કામગીરી પૂર્ણ | ૧૫.૨૮ કરોડ |
| સ્પેશિયલ રૂમ | કુલ ૧૦૨ દર્દીઓનો સમાવેશ થઇ શકે તેવા સ્પેશીયલ રૂમનું કોમ્પ્લેક્ષ | ફાઉન્ડેશનની કામગીરી પ્રગતિ હેઠળ | ૬૩.૩૧ કરોડ |
| ૯૦૦ બેડની જનરલ હોસ્પિટલ અને ૫૦૦ બેડની ચેપી રોગની હોસ્પિટલ | ૯૦૦ બેડની ક્ષમતા, ડબલ બેઝમેન્ટ પાર્કીંગ સુવિધા ( ૫૦૦ ફોર વ્હીલર તથા ૫૦૦૦ ટુ વ્હીલરની ક્ષમતા), ૨૦૦૦ દર્દી અને દર્દીના સગા વહાલા એક સાથે બેસી શકે તેવી ઓપીડી | ડી.પી.આર મંજુરી હેઠળ | ૫૬૯.૦૦ કરોડ |
| પી.જી. હોસ્ટેલ | ૪૦૦ વિદ્યાર્થીની ક્ષમતા, ૨૦૦ વિદ્યાર્થી એક સાથે જમી શકે તેવી કેન્ટીન, | વહીવટી મંજુરી મળેલ છે. | ૭૪.૬૪ કરોડ |
| ડેન્ટલ હોસ્પિટલ | ડેન્ટલ હોસ્પિટલ જી + ૭ માળ, | ટેન્ડર મંજુર | ૧૦૦.૨૩ કરોડ |
| | | | **૯૧૦.૧૪** કરોડ |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી ચૈતન્ય દેસાઇ, અકોટા)

- **એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા તથા નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે ક્યા ક્યા પ્રકારની મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ હાલ ઉપલબ્ધ છે ?**
- **અન્ય કઇ કઇ સુવિધાઓને લગતી કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? તેની વિગતો જણાવશો.**

**જવાબ–**

- એસ.એસ.જી. હોસ્પિટલ, **વડોદરા** ખાતે બધા જ પ્રકારની મલ્ટી સ્પેશ્યાલીટી સેવાઓ તેમજ પ્લાસ્ટીક સર્જરી, ન્યુરોસર્જરીની સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉપલબ્ધ છે. હૃદય રોગ, માતા અને બાળકના આરોગ્યને લગતા રોગો, કિડની, બ્લેડર, સ્પાઇનને લગતા રોગો તેમજ આંખને લગતા રોગો માટેની નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.
- નવી ઉભી થનાર સુવિધાઓમાં સ્પાઇન, કિડની અને ઓપ્થાલ્મોલોજી માટે રૂ. ૨૫૦ કરોડ તથા કાર્ડિયોથોરાસિક માટે રૂ. ૧૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે પ્લાસ્ટીક સર્જરી, ન્યુરોલોજી અને ન્યુરોસર્જરીની સુવિધાઓ ઉપલબ્ધ છે. PMSSY અંતર્ગત હૃદયરોગની સારવાર, કાર્ડીયોથોરસિકની સારવાર, મૂત્રરોગની સારવાર, નેફ્રોલોજીની સારવારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

મુખ્ય પેજ

➢ નવી ઉભી થનાર સુવિધાઓમાં અંદાજીત રૂ. ૨૬૦ કરોડનો ખર્ચ થનાર છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૨૦ કરોડ અને બાકીનો રાજ્ય સરકાર દ્વારા ખર્ચ થનાર છે.

**હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગત જોઇએ તો**

**એસ.એસ.જી હોસ્પીટલ અને મેડીકલ કોલજ, વડોદરા**

| મંજુર કરેલ કામની વિગત | ઉપલબ્ધ થનાર સુવિધા | કામની છેલ્લી પરિસ્થિતિ | **અંદાજીત રકમ** |
|---|---|---|---|
| યુ.જી. હોસ્ટેલ, મેડીકલ કોલેજ, વડોદરા. | ૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી ૨૫૦ રૂમની યુ.જી. હોસ્ટેલ, | ફીનીશીંગ લેવલ | ૩૦.૦૦ **કરોડ** |
| નવી મેટરનીટી ચાઈલ્ડ હેલ્થ બ્લોક | લગભગ ૬૦૦ પથારીની માતૃ અને બાળ સારવાર વિભાગ માટે સ્વતંત્ર બિલ્ડીંગની સુવિધા. | આર.સી.સી. કામગીરી લગભગ પૂર્ણ થવામાં છે. મેસનરી , પ્લાસ્ટર કામગીરી પ્રગતિમાં છે. | ૧૮૧.૪૫ **કરોડ** |
| નવી સ્પાઈન , કીડની એન્ડ ઓપ્થેલમિક હોસ્પીટલ | લગભગ ૩૫૦ દર્દીઓની સારવાર માટે | સદર કામગીરીનું ટેન્ડર મંજુરી થઇ ગયેલ છે, ટૂંક જ સમયમાં વર્ક ઓર્ડર ઈસ્યુ કરવામાં આવશે. | ૨૦૦.૦૦ કરોડ |
| નવી કાર્ડિયોલોજી ઈન્સ્ટીટયુટ એન્ડ મલ્ટી–સ્પેશ્યાલીટી | લગભગ ૩૦૦ દર્દીઓની સારવાર માટે એડવાન્સ્ડ કેથ લેબ | સદર કામગીરીનું ટેન્ડર મંજુરી થઇ ગયેલ છે, ટૂંક જ સમયમાં વર્ક ઓર્ડર | ૧૫૦.૦૦ કરોડ |

મુખ્ય પેજ

| | | | |
|---|---|---|---|
| હોસ્પીટલ લેપ્રસી કેમ્પસ, | | ઇસ્યુ કરવામાં આવશે. | |
| | | | **૫૬૧.૪૫ કરોડ** |

## નવી સીવીલ હોસ્પિટલ સુરત

| મંજુર કરેલ કામની વિગત | ઉપલબ્ધ થનાર સુવિધા | કામની છેલ્લી પરિસ્થિતિ | **અંદાજીત રકમ** |
|---|---|---|---|
| ન્યુ યુ.જી ગર્લ્સ હોસ્ટેલ | ૬૦૦ વિદ્યાર્થીનીઓ માટે રેહણાંકની સુવિધા | કામ પ્રગતિ હેઠળ છે. | **૬૦.૪૭ કરોડ** |
| ન્યુ યુ.જી બોયઝ હોસ્ટેલ | ૬૦૦ વિદ્યાર્થીનીઓ માટે રેહણાંકની સુવિધા | કામ પ્રગતિ હેઠળ છે. | **૬૩.૦૧ કરોડ** |
| ન્યુ પી.જી હોસ્ટેલ | ૫૦૦ વિદ્યાર્થીનીઓ માટે રેહણાંકની સુવિધા | કામ પ્રગતિ હેઠળ છે. | **૭૬.૪૭ કરોડ** |
| ન્યુ ઓ.પી.ડી અને વોર્ડ બિલ્ડીંગ | ૧૫૦૦ બેડની હોસ્પિટલ | ટેન્ડર મંજૂરી હેઠળ છે | **૪.૭૫ કરોડ** |
| | | | **૨૦૪.૭૦ કરોડ** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર (દ))

- **સર ટી. હોસ્પિટલ, ભાવનગર તથા જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે ક્યા ક્યા પ્રકારની મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ હાલ ઉપલબ્ધ છે ? અને**
- **અન્ય કઇ કઇ સુવિધાઓને લગતી કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? તેની વિગતો જણાવશો.**

**જવાબ–**

- સર.ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે બધી મલ્ટી સ્પેશ્યાલીટી સુવિધાઓ તથા ન્યુરો સર્જરી, પ્લાસ્ટીક સર્જરી, ગેસ્ટ્રોએન્ટરોલોજી, કાર્ડિયો વાસ્કુલર & થોરાસિક સર્જરી તથા હ્રદય રોગની લગતી જેવી મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સુવિધાઓ ઉપલબ્ધ છે તથા PMSSY અંતર્ગત રૂ. ૨૦૦.૦૦ કરોડના ખર્ચે કાર્ડિયોલોજી (હ્રદય રોગની સારવાર), યુરોલોજી, નેફ્રોલોજી, ન્યુરોલોજી જેવી સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.
- જી.જી.હોસ્પિટલ, જામનગર ખાતે ન્યુરો સર્જરીની સુવિધાઓ હાલ ઉપલબ્ધ છે તેમજ સીએમ સેતુ કાર્યક્રમ અંતર્ગત ગેસ્ટ્રોલોજીસ્ટ, સ્પાઈન સર્જન, યુરોસર્જન, રેટીનો સર્જન,પેડીયાટ્રીક સર્જનની સુપર સ્પેશ્યાલીસ્ટ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. તદ્ઉપરાંત નવી ૬૫૦ બેડેડ સુપર સ્પેશ્યાલીટી સર્જીકલ બિલ્ડીંગ અને ૫૦૦ બેડ માતૃબાળ કલ્યાણ હોસ્પિટલ બનાવાનું આયોજન છે. આ માટે રૂ. ૫૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.
- **હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગત જોઇએ તો ..**

મુખ્ય પેજ

# સર.ટી.હોસ્પિટલ અને મેડીકલ કોલેજ  ભાવનગર

| મંજુર કરેલ કામની વિગત | ઉપલબ્ધ થનાર સુવિધા | કામની છેલ્લી પરિસ્થિતિ | અંદાજીત રકમ |
|---|---|---|---|
| કંસ્ટ્રક્શન ઓફ પ્રી–ફેબ સ્ટ્રક્ચર ફોર લેક્ચર થીએટર, લેબોરેટરીસ એન્ડ મ્યુઝીયમ ફોર મેડીકલ કોલેજ ભાવનગર. | લેક્ચર થીએટર, લેબોરેટરીસ એન્ડ મ્યુઝીયમ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | કેમ્પસ લેવલીંગ ની કામગીરી ચાલુ કરેલ છે. 21/02/2024 | ૨૪.૯૯ કરોડ |
| ન્યુ કંસ્ટ્રક્શન ઓફ યુ.જી. બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ ફોર ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ ભાવનગર | ૧૦૪૦ તબીબી વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | કેમ્પસ લેવલીંગ ની કામગીરી ચાલુ કરેલ છે. 21/02/2024 | ૧૧૭.૫૭ કરોડ |
| મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ | ૫૪૯ બેડેડ હોસ્પિટલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | ૧૮૯.૪૩ કરોડ |
| ટીચિંગ હોસ્પિટલ – ભાવનગર | ૧૧૭૭ બેડેડ હોસ્પિટલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | ૪૮૮.૨૦ કરોડ |
| પી.જી.હોસ્ટેલ ફોર મેડીકલ કોલેજ – ભાવનગર | ૩૦૦ તબીબ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | ૫૩.૮૦ કરોડ |
| એકેડમિક બ્લોક ફોર મેડીકલ કોલેજ –ભાવનગર | ૮૦૦ યુ.જી તેમજ ૨૭૦ પી.જી વિદ્યાર્થીઓ ને તબીબી શિક્ષણ ની સુવિધા ઉપલબ્ધ થનાર છે. | ડી.પી.આર મંજૂરી હેઠળ છે. | ૧૩૦.૦૦ કરોડ |
| | | | **૧૦૦૩.૯૯ કરોડ** |

મુખ્ય પેજ

# ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ કેમ્પસ જામનગર તથા
# શ્રી એમ.પી. શાહ મેડીકલ કોલેજ કેમ્પસ જામનગર

| મંજુર કરેલ કામની વિગત | ઉપલબ્ધ થનાર સુવિધા | કામની છેલ્લી પરિસ્થિતિ | અંદાજીત રકમ |
|---|---|---|---|
| ન્યુ કંસ્ટ્રકશન & અપગ્રેશન વર્કસ એટ ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ & હોસ્પિટલ જામનગર | ડેન્ટલ સુવિધાઓ | તાંત્રિક મંજુરી હેઠળ | ૭૬.૦૦ કરોડ |
| ન્યુ કંસ્ટ્રકશન ઓફ યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ એટ ગર્વમેન્ટ ઓફ ડેન્ટલ કોલેજ, જામનગર | ૩૩૦ વિદ્યાર્થીની | પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ | ૨૮.૨૨ કરોડ |
| ન્યુ કંસ્ટ્રકશન ઓફ યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ એટ ગર્વમેન્ટ ઓફ મેડીકલ કોલેજ, જામનગર | ૭૦૦ વિદ્યાર્થીની | પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ | ૫૪.૯૫ કરોડ |
| ન્યુ કંસ્ટ્રકશન ઓફ યુ.જી. & પી.જી. બોયસ હોસ્ટેલ એટ ગર્વમેન્ટ ઓફ મેડીકલ કોલેજ, જામનગર | યુ.જી ૮૦૮ પી.જી. ૩૦૦ વિદ્યાર્થી | તાંત્રિક મંજુરી હેઠળ | ૧૩૦.૦૦ કરોડ |
| ન્યુ કંસ્ટ્રકશન ઓફ ઓપીડી, એમ.સી.એચ.& સુપર સ્પેસીયાલીસ્ટ હોસ્પિટલ બિલ્ડીંગ એટ જી.જી હોસ્પિટલ જામનગર | ૧૧૫૦ પથારી | ડી.પી.આર મંજુરી હેઠળ | ૫૭૫.૦૦ કરોડ |

મુખ્ય પેજ

# પ્રશ્ન –૫

**પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૭૩૦**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી)**

**પ્રશ્ન :– જી.એમ.ઈ.આર.એસ. હેઠળ નવી મેડિકલ કોલેજો**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## જી.એમ.ઈ.આર.એસ. હેઠળ નવી મેડિકલ કોલેજો

***15/4/1730 ડૉ. હસમુખ પટેલ** (અમરાઈવાડી) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જી.એમ.ઈ.આર.એસ. હેઠળ કેટલી નવી મેડિકલ કોલેજો મંજૂર થઇ, અને, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જી.એમ.ઈ.આર.એસ. હેઠળ પાંચ નવી મેડિકલ કોલેજો મંજૂર થઇ છે. |
| (૨) | તેમાં કુલ કેટલી બેઠકો મંજૂર થઇ? | (૨) | |

| મેડિકલ કોલેજ | મંજૂર બેઠકો |
|---|---|
| ગોધરા–પંચમહાલ | ૧૦૦ |
| રાજપીપળા– નર્મદા | ૧૦૦ |
| નવસારી | ૧૦૦ |
| મોરબી | ૧૦૦ |
| પોરબંદર | ૧૦૦ |
| કુલ | ૫૦૦ |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જી.એમ.ઇ.આર.એસ હેઠળ **પાંચ** મેડીકલ કોલેજો મંજુર થઇ છે.
- સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.૨૪/૧૨/૨૦૨૦ના ઠરાવથી રાજપીપળા, નવસારી, પોરબંદર, ગોધરા અને મોરબી જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરી સ્થાપના કરવામાં આવનાર નવી મેડીકલ કોલેજોને જીએમઇઆરએસ હેઠળ સમાવવાના આદેશ કરેલ છે.
- ભારત સરકારશ્રી દ્વારા સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ હેઠળ ૬૦% કેન્દ્ર સરકાર અને ૪૦% રાજ્ય સરકારના નાણાકીય હિસ્સાથી આ કોલેજો શરૂ કરવામાં આવેલ છે.
- ઉક્ત પાંચ નવી જીએમઇઆરએસ હેઠળની મેડીકલ કોલેજોમાં દરેક કોલેજ દીઠ ૧૦૦ સીટ મુજબ ૫૦૦ એમ.બી.બી.એસ (MBBS) ની સીટો મંજુર થયેલ છે.

- રાજ્ય સરકાર દ્વારા જીએમઇઆર સોસાયટી હેઠળ છેલ્લા ૨૦ વર્ષમાં ૧૩ નવી મેડીકલ કોલેજો ઉભી કરીને સ્નાતક કક્ષાની કુલ ૨૧૦૦ અને અનુસ્નાતકની કુલ ૩૦૦ બેઠકો ઉભી કરી છે.
- રાજ્ય સરકાર દ્વારા જીએમઇઆર સોસાયટી હસ્તકની મેડીકલ કોલેજો શરૂ કરવાથી **દર વર્ષે ઓલ ઈન્ડીયા ક્વોટામાં ૧૫% લેખે MBBSની બેઠકો આપવાની જરૂરીયાત રહેતી નથી.** જેથી ૨૪૦ જેટલી MBBS અભ્યાસક્રમની બેઠકો રાજ્યના તબીબી વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ થાય છે. એવી જ રીતે અનુસ્નાતક

મુખ્ય પેજ

અભ્યાસક્રમમાં પણ ૫૦% બેઠકો ઓલ ઈન્ડીયા ક્વોટામાં જતી હતી જે બેઠકો પણ હવે રાજ્યના તબીબી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થાય છે.

- ➢ સોસાયટીની ૧૩ કોલેજોના સંચાલન માટે અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૫૨૪૪ કરોડની રકમ ફાળવેલ છે. જેની સામે ટ્યુશન ફી ની આવક ૨૨૧૬ કરોડ થયેલ છે. યુ.જી.ની ૨૧૦૦ તથા પી.જી.ની ૩૦૦ મળી કુલ ૨૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૭૪૩ (૭૨%) વિદ્યાર્થી સરકારશ્રીની વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ જેવી કે MYSY, કન્યા કેળવણી, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના, CMSS યોજના તેમજ ફ્રી શીપ કાર્ડ યોજનાઓનો લાભ મેળવી ફી માં રાહત મેળવતાં હોય છે.
- ➢ આ ઉપરાંત ૮ કોલેજોના બાંધકામ માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૪૨૮૭ કરોડ ફાળવેલ છે અને નવી ૫ કોલેજોને રાજ્યના ૪૦ % અને કેન્દ્રના ૬૦ % લેખે ૯૭૬ કરોડ ફાળવેલ છે.
- ➢ **<u>વર્ષ ૨૦૨૩-૨૪માં જીએમઈઆરએસ હસ્તકની ૧૩ મેડીકલ કોલેજોની ટ્યુશન ફીની થનાર અંદાજીત આવક રૂ.૩૭૫.૦૦ કરોડ સામે ૧૩ કોલેજો અને ૧૪ હોસ્પિટલોના અંદાજીત રૂ.૧૨૫૦.૦૦ કરોડનો ખર્ચ થનાર છે. જેની સામે સરકારશ્રી તરફથી કોલેજો અને હોસ્પિટલોના ખર્ચ માટે રૂ.૮૪૩.૨૧ કરોડ ફાળવેલ છે.</u>**
- ➢ **<u>આ ઉપરાંત રાજ્યમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં યુ.જી. ની ૧૪૦૦ બેઠકો તથા પી.જી. ની ૧૩૨૯ બેઠકો ઉપલબ્ધ છે. વર્ષ</u> ૨૦૨૩-૨૪ માં રાજ્ય સરકારે ૮૯૫ કરોડની જોગવાઈ કરેલ છે. જેની સામે ફી ની આવક માત્ર ૭.૩૭ કરોડ છે.**

મુખ્ય પેજ

# જીએમઈઆર હસ્તકની મેડીકલ કોલેજો ખાતે UG અને PG બેઠકોની વિગત

| ક્રમ | મેડીકલ કોલેજ | સ્થાપના વર્ષ | UG બેઠક ની સંખ્યા | PG બેઠકની સંખ્યા(MD/MS ,DNB, Diploma) |
|---|---|---|---|---|
| 1 | GMERS મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ | 2011 | 200 | 69 |
| 2 | GMERS મેડીકલ કોલેજ, ગોત્રી, વડોદરા | 2011 | 200 | 70 |
| 3 | GMERS મેડીકલ કોલેજ, ગાંધીનગર | 2012 | 200 | 39 |
| 4 | GMERS મેડીકલ કોલેજ, વલસાડ | 2012 | 200 | 32 |
| 5 | GMERS મેડીકલ કોલેજ, ધારપુર-પાટણ | 2012 | 200 | 23 |
| 6 | GMERS મેડીકલ કોલેજ, જૂનાગઢ | 2015 | 200 | 18 |
| 7 | GMERS મેડીકલ કોલેજ, હિંમતનગર | 2015 | 200 | 30 |
| 8 | GMERS મેડીકલ કોલેજ, વડનગર | 2017 | 200 | 15 |
| 9 | GMERS મેડીકલ કોલેજ, ગોધરા, પંચમહાલ | 2022 | 100 | 00 |
| 10 | GMERS મેડીકલ કોલેજ, રાજપીપળા, નર્મદા | 2022 | 100 | 00 |
| 11 | GMERS મેડીકલ કોલેજ, નવસારી | 2022 | 100 | 00 |
| 12 | GMERS મેડીકલ કોલેજ, મોરબી | 2022 | 100 | 04 |
| 13 | GMERS મેડીકલ કોલેજ, પોરબંદર | 2022 | 100 | 00 |
| | **કુલ** | | **2100** | **300** |

- **રાજ્યમાં હાલ કાર્યરત મેડીકલ કોલેજો :-**

| કોલેજો | સંખ્યા | બેઠકો |
|---|---|---|
| સરકારી મેડીકલ કોલેજો | ૬ | ૧૪૦૦ |
| જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજો | ૧૩ | ૨૧૦૦ |
| મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મેડીકલ કોલેજ | ૩ | ૭૦૦ |
| સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો | ૧૦ | ૧૫૫૦ |
| સ્વ-નિર્ભર(ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજો | ૨ | ૩૦૦ |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| સ્વ–નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) કોલેજો | ૪ | ૮૦૦ |
| એઇમ્સ, રાજકોટ (ભારત સરકાર) | ૧ | ૫૦ |
| ડીમ્ડ યુનિવર્સિટી (સુમનદીપ વાઘોડિયા) | ૧ | ૧૫૦ |
| **કુલ :–** | **૪૦** | **૭૦૫૦** |

## જી.એમ.ઈ.આર. સોસાયટીની રેવન્યુ સદરની આવક અને ખર્ચની વિગત દર્શાવતુ પત્રક (રૂપિયા લાખમાં)

| વર્ષ | સરકારશ્રી તરફથી મળેલ ગ્રાંટ | ** ટ્યુશન ફીની આવક | કુલ આવક | કોલેજોનો ખર્ચ | હોસ્પિટલોનો ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૯૯૬૦.૦૦ | ૦.૦૦ | ૧૯૯૬૦.૦૦ | ૧૧૨૭.૮૮ | ૧૬૭૯.૬૯ | ૨૮૦૭.૫૭ |
| ૨૦૧૧–૧૨ | ૧૦૩૩૮.૮૦ | ૬૮૯.૦૪ | ૧૧૦૨૭.૮૪ | ૪૧૫૦.૨૩ | ૪૨૭૮.૧૫ | ૮૪૨૮.૩૮ |
| ૨૦૧૨–૧૩ | ૧૪૨૮૦.૧૪ | ૧૭૧૧.૬૦ | ૧૫૯૯૧.૭૪ | ૫૪૩૭.૬૨ | ૭૪૨૭.૨૨ | ૧૨૮૬૪.૮૪ |
| ૨૦૧૩–૧૪ | ૧૮૨૯૯.૬૦ | ૭૩૦૯.૭૯ | ૨૫૬૦૯.૩૯ | ૧૦૧૬૧.૧૭ | ૭૯૫૬.૮૭ | ૧૮૧૧૮.૦૪ |
| ૨૦૧૪–૧૫ | ૧૬૦૦૮.૫૧ | ૭૯૦૦.૧૬ | ૨૩૯૦૮.૬૭ | ૧૨૮૭૧.૪૮ | ૧૨૬૮૨.૫૮ | ૨૫૫૫૪.૦૬ |
| ૨૦૧૫–૧૬ | ૨૩૮૮૪.૭૯ | ૧૨૨૪૩.૧૪ | ૩૬૧૨૭.૯૩ | ૧૮૭૭૨.૮૭ | ૧૪૮૦૮.૯૭ | ૩૩૫૮૧.૮૪ |
| ૨૦૧૬–૧૭ | ૪૫૭૬૭.૭૪ | ૧૫૬૧૭.૦૯ | ૬૧૩૮૪.૮૩ | ૨૧૦૨૫.૨૭ | ૧૭૬૮૩.૦૭ | ૩૮૭૦૮.૩૪ |
| ૨૦૧૭–૧૮ | ૫૬૯૮૨.૭૮ | ૧૮૮૮૫.૪૯ | ૭૫૮૬૮.૨૭ | ૨૪૧૩૦.૨૩ | ૨૧૩૦૦.૦૩ | ૪૫૪૩૦.૨૬ |
| ૨૦૧૮–૧૯ | ૫૯૨૯૧.૩૩ | ૧૯૮૫૮.૫૩ | ૭૯૧૪૯.૮૬ | ૨૪૫૩૧.૯૨ | ૨૫૧૮૭.૧૫ | ૪૯૭૧૯.૦૭ |
| ૨૦૧૯–૨૦ | ૫૮૩૦૭.૧૭ | ૨૨૩૮૪.૬૩ | ૮૦૬૯૧.૮૦ | ૩૦૫૨૮.૯૨ | ૩૩૫૬૨.૩ | ૬૪૦૯૧.૨૨ |
| ૨૦૨૦–૨૧ | ૫૫૨૬૧.૫૪ | ૨૮૨૦૭.૦૦ | ૮૩૪૬૮.૫૪ | ૨૯૪૩૮.૩૮ | ૩૭૦૪૧.૨૧ | ૬૬૪૭૯.૫૯ |
| ૨૦૨૧–૨૨ | ૫૮૯૧૫.૬૧ | ૨૪૩૪૩.૦૯ | ૮૩૨૫૮.૭૦ | ૩૭૩૨૨.૬૨ | ૩૩૩૧૭.૧૧ | ૭૦૬૩૯.૭૩ |
| ૨૦૨૨–૨૩ | ૨૮૦૧.૦૦ | ૩૫૪૫૯.૩૨ | ૩૮૨૬૦.૩૨ | ૫૮૮૩૮.૫૭ | ૪૦૯૫૩.૫૬ | ૯૯૭૯૨.૧૩ |
| ૨૦૨૩–૨૪ | ૮૪૩૨૧.૪૧ | ૨૭૦૦૦.૦૦ | ૧૧૧૩૨૧.૪૧ | ૫૦૬૯૭.૫૮ | ૪૩૯૯૨.૩૫ | ૯૪૬૮૯.૯૩ |
| કુલ | **૫૨૪૪૨૦.૪૨** | **૨૨૧૬૦૮.૮૮** | **૭૪૬૦૨૯.૩૦** | **૩૨૯૦૩૪.૭૪** | **૩૦૧૮૭૦.૨૬** | **૬૩૦૯૦૫.૦૦** |
| **ટ્યુશન ફીની કુલ આવક માંથી રૂ.૧૨૦૦.૦૦ કરોડ સરકારશ્રીમાં જમા કરાવેલ છે.** | | | | | | **૧૨૦૦૦૦.૦૦** |
| | | | | | | **૭૫૦૯૦૫.૦૦** |

**૧) નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ માં આવક અને ખર્ચની વિગતો જાન્યુઆરી–૨૪ સુધી દર્શાવેલ છે.**

**૨) નવી શરૂ થયેલ પાંચ મેડીકલ કોલેજો અને સાંલગ્ન હોસ્પિટલો વર્ષ ૨૦૨૨–૨૩ થી શરૂ થયેલ છે. જેની અત્યાર સુધીની કુલ અંદાજીત ટ્યુશન ફીની આવક રૂ.૫૦.૦૦ કરોડ સામે અત્યાર સુધી પગાર ભથ્થા અને કન્ટીજન્સી માટે રૂ.૨૩૬.૧૮ કરોડનો ખર્ચ થયેલ છે.**

મુખ્ય પેજ

| જી.એમ.ઈ.આર. સોસાયટીની હયાત આઠ કોલેજો અને હોસ્પિટલોની બાંધકામ સદરે થયેલ આવક અને ખર્ચની વિગતો દર્શાવતુ પત્રક (રૂપિયા લાખમાં) | | |
|---|---|---|
| વર્ષ | સરકારશ્રી તરફથી મળેલ કુલ ગ્રાંટ | પી.આઇ.યુ.ને ફાળવેલ ગ્રાંટ |
| ૨ | ૬ | ૭ |
| ૨૦૧૦-૧૧ | ૨૧૫૬૦.૭૪ | ૨૧૫૬૦.૭૪ |
| ૨૦૧૧-૧૨ | ૧૮૪૬૨.૫૦ | ૧૮૪૬૨.૫૦ |
| ૨૦૧૨-૧૩ | ૩૮૫૬૦.૦૦ | ૩૮૫૬૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૫૭૨૫૧.૧૬ | ૫૭૨૫૧.૧૬ |
| ૨૦૧૪-૧૫ | ૮૦૮૦૬.૯૪ | ૪૯૬૩૫.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૭૩૧૨૭.૫૦ | ૫૦૨૩૩.૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૪૦૦૪૦.૦૯ | ૩૯૮૩૦.૦૦ |
| ૨૦૧૭-૧૮ | ૯૦૨૨.૧૪ | ૧૮૯૪૬.૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૨૫૭૨૧.૦૦ | ૪૮૩૧૫.૦૦ |
| ૨૦૧૯-૨૦ | ૮૪૨૪.૫૨ | ૫૬૪૦.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૩૧૦૩૨.૯૫ | ૨૪૪૭૪.૦૪ |
| ૨૦૨૧-૨૨ | ૭૧૩૫.૬૨ | ૧૨૬૭૮.૯૨ |
| ૨૦૨૨-૨૩ | ૮૩૦૦.૦૦ | ૧૮૦૭૯.૪૦ |
| ૨૦૨૩-૨૪ | ૯૩૧૨.૫૦ | ૧૫૭૭૯.૪૦ |
| **કુલ** | **૪૨૮૭૫૭.૬૬** | **૪૧૯૪૪૫.૧૬** |

| જી.એમ.ઈ.આર. સોસાયટીની નવી શરૂ થયેલ પાંચ કોલેજો અને હોસ્પિટલોની બાંધકામ સદરે થયેલ આવક અને ખર્ચની વિગતો દર્શાવતુ પત્રક (ભારત સરકાર ના હિસ્સાના ૬૦ % તથા ગુજરાત સરકારના હિસ્સા ના ૪૦ % (રૂપિયા લાખમાં) | | |
|---|---|---|
| વર્ષ | સરકારશ્રી તરફથી મળેલ કુલ ગ્રાંટ | પી.આઇ.યુ.ને ફાળવેલ ગ્રાંટ |
| ૨ | ૬ | ૭ |
| ૨૦૨૧-૨૨ | ૨૪૨૧૦.૦૦ | ૨૪૨૧૦.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૩૮૯.૦૦ | ૨૩૮૯.૦૦ |
| ૨૦૨૩-૨૪ | ૭૧૦૦૦.૦૦ | ૭૧૦૦૦.૦૦ |
| **કુલ** | **૯૭૫૯૯.૦૦** | **૯૭૫૯૯.૦૦** |

મુખ્ય પેજ

# જીએમઈઆર સોસાયટી હસ્તકની મેડીકલ કોલેજો ખાતે શિષ્યવૃતિનો લાભ મેળવતા UG વિદ્યાર્થીઓની વિગત

| સંસ્થાનું નામ | UG વિદ્યાર્થીની સંખ્યા | વિવિધ શિષ્યવૃતિ યોજનાઓના લાભો મેળવતા વિદ્યાથીઓની સંખ્યા | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | MY SY | કન્યા કેળવણી | પોસ્ટ મેટ્રીક સ્કોરશીપ યોજના | CMSS યોજના | ફ્રી શીપ કાર્ડ | |
| ગાંધીનગર | 200 | 94 | 24 | 5 | 18 | 23 | 164 |
| સોલા–અમદાવાદ | 200 | 71 | 27 | 1 | 8 | 29 | 136 |
| ગોત્રી–વડોદરા | 200 | 56 | 46 | 12 | 21 | 25 | 160 |
| વલસાડ | 200 | 68 | 42 | 14 | 17 | 27 | 168 |
| હિંમતનગર | 200 | 100 | 33 | 5 | 17 | 18 | 173 |
| વડનગર | 200 | 79 | 40 | 22 | 24 | 22 | 187 |
| ધારપુર–પાટણ | 200 | 86 | 32 | 2 | 17 | 30 | 167 |
| જુનાગઢ | 200 | 71 | 37 | 22 | 18 | 20 | 168 |
| ગોધરા | 99 | 40 | 5 | 10 | 6 | 8 | 69 |
| રાજપીપળા | 98 | 48 | 18 | 2 | 6 | 6 | 80 |
| નવસારી | 99 | 46 | 20 | 9 | 12 | 8 | 95 |
| મોરબી | 98 | 53 | 19 | - | 12 | 7 | 91 |
| પોરબંદર | 99 | 47 | 20 | 0 | 6 | 11 | 84 |
| **કુલ** | **2093** | **859** | **363** | **104** | **182** | **234** | **1742** |

# જીએમઈઆર સોસાયટી હસ્તકની મેડીકલ કોલેજો ખાતે શિષ્યવૃતિનો લાભ મેળવતા PG વિદ્યાર્થીઓની વિગત

| ક્રમ | સંસ્થાનું નામ | PG વિદ્યાર્થીની સંખ્યા MD/MS | શિષ્યવૃતિના લાભો લેતા વિદ્યાર્થીઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| | | | ફ્રી શીપ કાર્ડ | |
| ૧ | ગાંધીનગર | 17 | 0 | 0 |
| ૨ | સોલા–અમદાવાદ | 40 | 1 | 1 |
| ૩ | ગોત્રી–વડોદરા | 24 | 0 | 0 |
| **કુલ** | | **81** | **1** | **1** |

મુખ્ય પેજ

# ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગર

## સ્નાતક અભ્યાસક્રમના ફી નું ધોરણ

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઈઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી કવોટા | રૂ. ૩.૩૦,૦૦૦/– |
| ૨ | મેનેજમેન્ટ કવોટા | રૂ. ૯,૦૭,૫૦૦/– |
| ૩ | એન.આર.આઇ કવોટા | ૨૨,૦૦૦/– યુ.એસ ડોલર |

## અનુસ્નાતક અભ્યાસક્રમના ફીનું ધોરણ

| Sr. No | Courses / Branch | Medical College – Sola, Gotri, Gandhinagar | | |
|---|---|---|---|---|
| | | Govt.(Indian Rupees) | Management Quota. (Indian Rupees) | NRI Quota. (Indian Rupees) |
| 1 | Anesthesiology | 11,25,000/- | 16,88,000/- | 33,75,000/- |
| 2 | Dermatology | 10,00,000/- | 15,00,000/- | 30,00,000/- |
| 3 | Microbiology | 5,75,000/- | 8,63,000/- | 17,25,000/- |
| 4 | Obstetric & Gynecology | 11,25,000/- | 16,88,000/- | 33,75,000/- |
| 5 | Ophthalmology | 10,00,000/- | 15,00,000/- | 30,00,000/- |
| 6 | Otorhinolaryngology | 8,75,000/- | 13,13,000/- | 26,25,000/- |
| 7 | Pathology | 6,25,000/- | 9,38,000/- | 18,75,000/- |
| 8 | Psychiatry | 8,75,000/- | 13,13,000/- | 26,25,000/- |
| 9 | Respiratory Medicine | 8,75,000 | 13,13,000/- | 26,25,000/- |

મુખ્ય પેજ

## **સરકારી મેડિકલ કોલેજો માં ફી ની વિગત**

| અભ્યાસક્રમ | વાર્ષિક ટયુશન ફી (રૂ.માં) |
|---|---|
| સ્નાતક | ૨૫,૦૦૦/- |
| અનુસ્નાતક | ૩૦,૦૦૦/- |

મુખ્ય પેજ

**રાજ્યની છ (૦૬) સરકારી મેડીકલ કોલેજોમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં કરેલ બજેટની જોગવાઈ અને તેની સામે ૧૪૦૦ બેઠકોની સંખ્યા સામે ફીની આવકની વિગતો નીચે મુજબ** છે.

| ક્રમ | સંસ્થાનું નામ | ૨૦૨૩-૨૪ની જોગવાઈ (રૂ. **લાખમાં**) | બેઠકોની સંખ્યા | બેઠક દીઠ ૨૫૦૦૦ ફી લેખે એક વર્ષની આવક (રૂ. લાખમાં) | કુલ ૪.૫ વર્ષની આવક (સંપૂર્ણ અભ્યાસક્રમ) (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૨૫૦૯૯.૫૪ | ૨૫૦ | ૬૨.૫૦ | ૨૮૧.૨૫ |
| ૨ | એમ.પી. શાહ મેડીકલ કોલેજ, જામનગર | ૧૩૦૩૬.૭૩ | ૨૫૦ | ૬૨.૫૦ | ૨૮૧.૨૫ |
| ૩ | મેડીકલ કોલેજ, વડોદરા | ૧૬૩૬૭.૯૫ | ૨૫૦ | ૬૨.૫૦ | ૨૮૧.૨૫ |
| ૪ | સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૧૪૩૨૯.૦૧ | ૨૫૦ | ૬૨.૫૦ | ૨૮૧.૨૫ |
| ૫ | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૧૧૪૧૫.૨૯ | ૨૦૦ | ૫૦.૦૦ | ૨૨૫.૦૦ |
| ૬ | સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૯૩૨૫.૧૦ | ૨૦૦ | ૫૦.૦૦ | ૨૨૫.૦૦ |
| **કુલ** | | **૮૯,૫૭૩.૬૨** | **૧૪૦૦** | **૩૫૦.૦૦** | **૧૫૭૫.૦૦** |

મુખ્ય પેજ

**રાજ્યની છ (૦૬) સરકારી મેડીકલ કોલેજોમાં વર્ષ ૨૦૨૩–૨૪ માં કરેલ બજેટની જોગવાઈ અને તેની સામે ૧૨૯૧ બેઠકોની સંખ્યા સામે ફીની આવકની વિગતો નીચે મુજબ** છે.

| ક્રમ | સંસ્થાનું નામ | ૨૦૨૩–૨૪ની જોગવાઈ **(રૂ. લાખમાં)** | બેઠકોની સંખ્યા | બેઠક દીઠ ૩૦૦૦૦ ફી લેખે એક વર્ષની આવક (રૂ. લાખમાં) | કુલ ૩ વર્ષની આવક (સંપૂર્ણ અભ્યાસક્રમ) (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૨૫૦૯૯.૫૪ | ૪૧૮ | ૧૨૫.૪૦ | ૩૭૬.૨૦ |
| ૨ | એમ.પી. શાહ મેડીકલ કોલેજ, જામનગર | ૧૩૦૩૬.૭૩ | ૨૦૩ | ૬૦.૯૦ | ૧૮૨.૭૦ |
| ૩ | મેડીકલ કોલેજ, વડોદરા | ૧૬૩૬૭.૯૫ | ૨૩૫ | ૭૦.૫૦ | ૨૧૧.૫૦ |
| ૪ | સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૧૪૩૨૯.૦૧ | ૧૬૯ | ૫૦.૭૦ | ૧૫૨.૧૦ |
| ૫ | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૧૧૪૧૫.૨૯ | ૧૩૮ | ૪૧.૪૦ | ૧૨૪.૨૦ |
| ૬ | સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૯૩૨૫.૧૦ | ૧૨૮ | ૩૮.૪૦ | ૧૧૫.૨૦ |
| કુલ | | **૮૯,૫૭૩.૬૨** | **૧૨૯૧** | **૩૮૭.૫૦** | **૧૧૬૧.૯૦** |

મુખ્ય પેજ

**રાજ્યના મેડીકલ,ડેન્ટલ,ફીઝીયોથેરાપી અને નર્સિંગ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના હેઠળ ચુકવવામાં આવેલ સહાયની વિગત**

- મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના હેઠળ સ્નાતક અભ્યાસક્રમાં સહાય ચુકવવામાં આવે છે, જયારે અનુસ્નાતક અભ્યાસક્રમાં આ યોજના લાગું પડતી નથી.
- મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના હેઠળ ધોરણ–૧૨ પછી ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સરકાર માન્ય સંસ્થાના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટયુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૨.૦૦ લાખ તે બે પૈકી જે ઓછુ હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે, મેડીકલ/ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન–પુસ્તક સહાય પેટે રૂ.૧૦.૦૦ હજાર એક જ વખત મળવાપાત્ર રહેશે., વધુમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાંથી મળતી સહાયની રકમ ઉપરાંતની બાકીની ૫૦ ટકા ટયુશન ફી સહાય માન.મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ હેઠળ આપવામાં આવે છે.
- સને ૨૦૨૨–૨૩માં  મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના હેઠળ મેડીકલ, ડેન્ટલ,ફીઝીયોથેરાપી તથા BSC નર્સિંગના કુલ ૧૧,૮૫૫ વિદ્યાર્થીઓને રૂ.૨૦૫.૫૨ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે, તથા સદરહું ૧૧,૮૫૫ વિદ્યાર્થીઓ પૈકી ૪૨૧૩

મુખ્ય પેજ

કન્યાઓને કન્યાકેળવણી નિધિ હેઠળ રૂ.૧૩૯.૪૪ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

- સને ૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના હેઠળ સહાય મેળવવા માટે છેલ્લી તારીખ ૪થી માર્ચ ૨૦૨૪ છે, અત્યાર સુધીમાં ૩૩૯૮ અરજીઓ મળેલ છે, તે પૈકી ૧૪૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, મંજૂર કરવામાં આવેલ અરજીઓને રૂ.૩૦.૩૦ કરોડનું ચુકવણું કરેલ છે, સદરહું ૧૪૪૪ અરજીઓ પૈકી ૬૫૯ અરજીઓ કન્યાઓ દ્વારા કરવામાં આવેલ હતી, તેઓને કન્યા કેળવણી નિધિ હેઠળ રૂ.૨૪.૭૬ કરોડનું ચુકવણું કરેલ છે.

**<u>સરકારી મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને મફત પુસ્તક પુરા પાડવાની યોજના</u>**

- ગત વર્ષે સરકારી મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરતાં આદિજાતિના ૭૨૩ વિદ્યાર્થીઓને મફત પુસ્તક પુરા પાડવામાં આવેલ છે.

**નવી બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજો માટે મળેલ અરજીઓની વિગત**

| **જીલ્લા** | **મળેલ અરજીઓ** | **રિમાર્ક્સ** |
|---|---|---|
| બોટાદ | ૫ | ૧ ફી ભરેલ નથી, ૪ વિચારણામાં લેવાની થાય |
| દેવભુમિ દ્વારકા | ૫ | ૧ ફી ભરેલ નથી, ૪ વિચારણામાં લેવાની થાય |
| ગીર સોમનાથ | ૭ | ૧ ફી ભરેલ નથી, ૬ વિચારણામાં લેવાની થાય |
| **કુલ :–** | **૧૭** | **૧૪ વિચારણામાં લેવાની થાય** |

- મળેલ અરજીઓની વિભાગ કક્ષાએ અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં બનેલ સમિતિ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. અને ત્યારબાદ સરકારશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવે છે.
- આ ઉપરાંત રાજ્યના મહીસાગર, અરવલ્લી, છોટા ઉદેપુર, ડાંગ, આણંદ, ખેડા એમ કુલ–૬ જીલ્લાને બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજ બનાવવા પાત્ર વિસ્તાર તરીકે ગણેલ છે. જેની અરજીઓ મેળવવા માટેની જાહેરાત આપવાની બાકી છે.

મુખ્ય પેજ

## **નવી સ્વ–નિર્ભર બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજની સ્થાપના કરવાના લીધે ઉપલબ્ધ થનાર સગવડો**

- બોટાદ ખાતેની હયાત હોસ્પિટલને અપગ્રેડ કરી બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ બનતા **પથારીની સંખ્યામાં વધારો થશે** અને જેમાં આરોગ્ય નીતી–૨૦૧૬ મુજબ હયાત પથારીઓ સુધી **નિશુલ્કઃ સારવાર** દર્દીઓને ઉપલબ્ધ થશે.
- બોટાદ ખાતે નિર્માણ પામનાર બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજને કારણે રાજ્યની **એમ.બી.બી.એસ. બેઠકોમાં વધારો થશે.**
- આ તમામ બેઠકોની **પ્રવેશ પ્રક્રિયા** પારદર્શક રીતે રાજયની કેન્દ્રીય **પ્રવેશ સમિતી દ્વારા** કરવામાં આવશે.
- આ કોલેજની પ્રવેશ પ્રક્રિયામાં રાજ્ય સરકાર દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર **અનામતની જોગવાઇ** પણ કરવામાં આવશે.
- આ કોલેજ ખાતે પ્રવેશ મેળવનાર ગરીબ અને જરૂરીયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને રાજય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વંલબન યોજના, કન્યા કેળવણી નિધિ તથા અન્ય તમામ **શિષ્યવૃતિનો લાભ** મળશે.
- નવી મેડીકલ કોલેજ ચાલુ થવાથી સંલગ્ન હોસ્પિટલ ખાતે નેશનલ મેડીકલ કમિશનના ધારાધોરણ મુજબના તમામ રોગના જેવા કે મેડીસીન, સર્જરી, ગાયનેકોલોજી, ઓર્થોપેડીક્સ, રેડીયોલોજી, આંખ, કાન–નાક–ગળા, એનેસ્થેસિયા, પેડીયાટ્રીક્સ, વિગેરે વિષયોના **નિષ્ણાત તબીબો ઉપલબ્ધ થશે.**
- નેશનલ મેડીકલ કમિશનના નિયમોનુસાર મેડીકલ કોલેજ ચાલુ કરવા માટે વિદ્યાર્થીઓની બેઠકોની સાથે સાથે જરૂરી હોસ્પિટલની પથારીઓની સંખ્યામાં વધારો થશે, જેનો દર્દીઓને સીધેસીધો લાભ મળશે.

મુખ્ય પેજ

- આધુનિક સ્વાસ્થ્ય સુવિધા સરળ રીતે ઘર આંગણે મળી રહેશે. જિલ્લા કક્ષાની હોસ્પિટલ ખાતે ઉચ્ચકક્ષાના આરોગ્ય વિષયક **<u>અદ્યતન સાધનો</u>** ઉપલબ્ધ થશે, **<u>ઓપરેશન થીયેટરોની સંખ્યામાં વધારો</u>** થશે, **<u>સીટી સ્કેન, એમ.આર.આઇ.</u>** જેવા મશીનો ઉપલબ્ધ થશે. જેનાથી દર્દીઓને સારવાર લેવામાં દૂર નહી જવું પડે અને તેઓના વતનમાં જ સેવાઓ ઉપલબ્ધ થશે.
- મેડીકલ કોલેજ બનવાથી ભવિષ્યમાં હોસ્પિટલ ખાતે જ **<u>સુપર સ્પેશ્યાલીટી સેવાઓ,</u>** રાજય સરકારની આરોગ્યને લગતી **<u>તમામ યોજનાઓનો લાભ</u>** મળશે જેવી કે પી.એમ.જે.એ.વાય.,મા અમૃતમ વિગેરે

મુખ્ય પેજ

# વિવિધ સ્કોલરશિપ યોજનાઓ

- **પોસ્ટ મેટ્રીક્સ સ્કોલર્શિપ યોજના :**
  - SC/ST વિદ્યાર્થી ને ફ્રીશીપ કાર્ડ પોસ્ટ મેટ્રીક્સ સ્કોલર્શિપ યોજના હેઠળ 100 % ટ્યુશન ફીમાં રાહત મળી રહે છે.
  - ગર્લ્સ SC/ST વિદ્યાર્થીનીઓને ફ્રીશીપ કાર્ડ વિના પોસ્ટ મેટ્રીક્સ સ્કોલર્શિપ યોજના હેઠળ 100 % ટ્યુશન ફીમાં રાહત મળી રહે છે.
- **MYSY સ્કોલર્શિપ યોજના**
  - જે કુટુંબની વાર્ષિક આવક રૂ.૬ લાખથી ઓછી હોય તેવા તમામ વર્ગના વિદ્યાર્થીઓને MYSY સ્કોલર્શિપ યોજના હેઠળ ૫૦% ટ્યુશન ફી અથવા ૦૨ લાખ સુધી આર્થિક સહાય મળે છે.
- **કન્યા કેળવણી યોજના સ્કોલર્શિપ**
  - જે કુટુંબની વાર્ષિક આવક રૂ.૬ લાખથી ઓછી હોય તેવા તમામ વર્ગના વિદ્યાર્થીનીઓને કન્યા કેળવણી યોજના હેઠળ ટ્યુશન ફી માટે ૦૬ લાખ સુધીની આર્થિક સહાય મળે છે.
- **CMSS યોજના**
  - CMSS યોજના હેઠળ પછાત વિસ્તારના વિદ્યાર્થીઓ, જેમની માતા વિધવા હોય તેવા વિદ્યાર્થીઓને, જેમના પિતા માજી સૈનિક હોય તેવા તમામ વર્ગના વિદ્યાર્થીઓને ૫૦% ટ્યુશન ફીમાં રાહત મળી રહે છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૫

## પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૧૭૩૦

## તા. ૨૭/૦૨/૨૦૨૪

## આરોગ્ય વિભાગ

## માન.ધારાસભ્યશ્રી : ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી)

## પ્રશ્ન:- જી.એમ.ઈ.આર.એસ. હેઠળ નવી મેડિકલ કોલેજો

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | મંજુર થયેલ નવી પાંચ મેડીકલ કોલેજોનુ નાણાંકીય ભંડોળ કોના દ્વારા અને કઇ રીતે ચુકવવામાં આવે છે ? | ડૉ. હસમુખ પટેલ, અમરાઈવાડી |
| ૨ | આ મેડીકલ કોલેજો કયા શૈક્ષણિક વર્ષથી ચાલુ થયેલ છે ?<br>ઉક્ત નવી મેડીકલ કોલેજો ખાતે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ અભ્યાસક્રમમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? | શ્રી અમિત ઠાકર, વેજલપુર |
| ૩ | જીએમઈઆરએસ હસ્તકની નવી મેડીકલ કોલેજો ખાતે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસમાં ફીનુ ધોરણ કેટલુ છે? | શ્રી બાબુસિંહ જાદવ, વટવા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૫**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૭૩૦**

**આરોગ્ય વિભાગ**

**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ ડૉ. હસમુખ પટેલ, અમરાઇવાડી

- **મંજુર થયેલ નવી પાંચ મેડીકલ કોલેજોનુ નાણાંકીય ભંડોળ કોના દ્ધારા અને કઇ રીતે ચુકવવામાં આવે છે ?**

**જવાબ–**

- ભારત સરકારશ્રી દ્ધારા સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ હેઠળ ૬૦ % કેન્દ્ધ સરકાર અને ૪૦% રાજ્ય સરકારના નાણાકીય હિસ્સાથી આ કોલેજો શરૂ કરવામાં આવેલ છે.
- અત્યાર સુધી નવી ૫ કોલેજોને રાજ્યના ૪૦ % અને કેન્દ્ધના ૬૦ % લેખે ૯૭૬ કરોડ ફાળવવામાં આવેલ છે.
- આ ઉપરાંત અગાઉની ૮ કોલેજોના બાંધકામ માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૪૨૮૭ કરોડ ફાળવેલ છે.
- સોસાયટીની ૧૩ કોલેજોના સંચાલન માટે અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૫૨૪૪ કરોડની રકમ ફાળવેલ છે. જેની સામે ટ્યુશન ફી ની આવક ૨૨૧૬ કરોડ થયેલ છે. યુ.જી.ની ૨૧૦૦ તથા પી.જી.ની ૩૦૦ મળી કુલ ૨૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૭૪૩ (૭૨%) વિદ્યાર્થી સરકારશ્રીની વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ જેવી કે MYSY, કન્યા કેળવણી, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના, CMSS યોજના તેમજ ફ્રી શીપ કાર્ડ યોજનાઓનો લાભ મેળવી ફી માં રાહત મેળવતાં હોય છે.

મુખ્ય પેજ

- વર્ષ ૨૦૨૩–૨૪માં જીએમઈઆરએસ હસ્તકની ૧૩ મેડીકલ કોલેજોની ટ્યુશન ફીની થનાર અંદાજીત આવક રૂ.૩૭૫.૦૦ કરોડ સામે ૧૩ કોલેજો અને ૧૪ હોસ્પિટલોના અંદાજીત રૂ.૧૨૫૦.૦૦ કરોડનો ખર્ચ થનાર છે. જેની સામે સરકારશ્રી તરફથી કોલેજો અને હોસ્પિટલોના ખર્ચ માટે રૂ.૮૪૩.૨૧ કરોડ ફાળવેલ છે.
- આ ઉપરાંત રાજ્યમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં યુ.જી. ની ૧૪૦૦ બેઠકો તથા પી.જી. ની ૧૩૨૯ બેઠકો ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૩–૨૪ માં રાજ્ય સરકારે ૮૯૫ કરોડની જોગવાઈ કરેલ છે. જેની સામે ફી ની આવક માત્ર ૭.૩૭ કરોડ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ શ્રી અમિત ઠાકર, વેજલપુર

- **આ મેડીકલ કોલેજો કયા શૈક્ષણિક વર્ષથી ચાલુ થયેલ છે ?**
- **ઉક્ત નવી મેડીકલ કોલેજો ખાતે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ અભ્યાસક્રમમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે?**

**જવાબ–**

- આ નવી પાંચ મેડીકલ કોલેજો વર્ષ ૨૦૨૧–૨૨ થી મંજુર કરવામાં આવેલ અને તેનુ શૈક્ષેણિક કાર્ય વર્ષ ૨૦૨૨–૨૩થી શરૂ થયેલ છે.
- જીએમઈઆરએસ હસ્તકની નવી મેડીકલ કોલેજો ખાતે મેડીકલ કોલેજ દીઠ ૧૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ શ્રી બાબુસિંહ જાદવ, વટવા

- **જીએમઈઆરએસ હસ્તકની નવી મેડીકલ કોલેજો ખાતે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. માં ફીનુ ધોરણ કેટલુ છે?**

**જવાબ–**

- જીએમઈઆરએસ હસ્તકની નવી મેડીકલ કોલેજો ખાતે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસમાં ફીનુ ધોરણ ૩,૩૦,૦૦૦/– છે.
- કોલેજોમાં યુ.જી. તથા પી.જી. માં અભ્યાસ કરતાં કુલ ૨૪૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૭૪૩ (૭૨ %) વિદ્યાર્થીઓ પોસ્ટ મેટ્રીક્સ સ્કોલર્શિપ યોજના, MYSY સ્કોલર્શિપ યોજના, કન્યા કેળવણી યોજના અને CMSS યોજનાનો લાભ મેળવી ફી માં રાહત મેળવતાં હોય છે.

**<u>સ્નાતક અભ્યાસક્રમના ફી નું ધોરણ</u>**

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઈઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી કવોટા | રૂ. ૩.૩૦,૦૦૦/– |
| ૨ | મેનેજમેન્ટ કવોટા | રૂ. ૯,૦૭,૫૦૦/– |
| ૩ | એન.આર.આઇ કવોટા | ૨૨,૦૦૦/– યુ.એસ ડોલર |

મુખ્ય પેજ

# પ્રશ્ન –૭

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૧૭૩૬**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)**
**પ્રશ્ન :– જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ**

***15/4/1736 શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી**

**જણાવવા** કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલના બાંધકામનું આયોજન છે કે કેમ, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) | જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી હોસ્ટેલ બનાવવા માટે રૂ. ૩૭.૩૮ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) | ઉકત સ્થિતિએ આ બાંધકામ કયા તબક્કે છે? | (૩) | સદર કામગીરી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે અને ગ્રાઉન્ડ ફ્લોર સ્લેબ લેવલનું કામકાજ થયેલ છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- જામનગર ડેન્ટલ કોલેજ સને ૧૯૯૧ થી કાર્યરત છે. સંસ્થા શરૂ થઈ ત્યારે યુ.જી. ની કુલ–૪૦ સીટ મંજૂર થયેલ હતી ત્યારબાદ હાલ સને–૨૦૨૪ માં કુલ ૧૨૫ સીટ છે.
- તથા કુલ ૦૬ વિભાગમાં અનુસ્નાતક અભ્યાસક્રમ વર્ષ : ૨૦૨૧–૨૨ થી શરૂ થયેલ છે. તેમજ સૌરાષ્ટ્ર તથા કચ્છની એકમાત્ર સરકારી ડેન્ટલ કોલેજ તથા હોસ્પિટલ હોઈ જેમાં મોં ને લગત તમામ પ્રકારની સારવાર અત્રે કરવામાં આવે છે.
- કુલ–૯ વિભાગમાં જુદા જુદા પ્રકારના પૃથક્કરણ કરવામાં આવે છે જેથી સૌરાષ્ટ્ર તથા કચ્છની જનતાને ઘર આંગણે ઉત્તમ પ્રકારની સારવાર પ્રદાન થઈ શકે.
- વધુમાં NABH અંતર્ગત રાજયમાં જામનગર ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલને સફાઈ, સિક્યુરિટી તેમજ દર્દીઓની સારવારની ગુણવતા બાબતે એવોર્ડ પ્રદાન થયેલ છે. તેમજ નજીકના સમયમાં NAAC ના ઈન્સ્પેક્શન બાબતેની કામગીરી પણ હાલ હાથ ધરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીને અભ્યાસમાં કોઈપણ પ્રકારની અગવડતા ન સર્જાય જે બાબત ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા નવી હોસ્ટેલ બાંધકામની મંજૂરી આપેલ છે તેમજ હાલ હોસ્ટેલ બાંધકામનું કામ ચાલુ છે.

મુખ્ય પેજ

- હાલની હયાત હોસ્ટેલની ક્ષમતા ૪૦૦ વિદ્યાર્થીઓની છે.
- કોલેજમાં યુ.જી. ની ૧૨૫ બેઠકો છે તથા પી.જી. ની ૧૯ બેઠકો છે.
- આમ યુ.જી. ના કુલ ૬૨૫ જેટલા વિદ્યાર્થીઓ અને પી.જી. ના ૫૭ વિદ્યાર્થીઓ મળી કુલ ૬૮૨ વિદ્યાર્થીઓ માટે ડેન્ટલ કાઉન્સિલના નોર્મ્સ મુજબ ૬૦ % પ્રમાણે ૪૧૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી હોસ્ટેલ હોવી જોઇએ તેની સામે હયાત હોસ્ટેલની ૪૦૦ ની ક્ષમતા અને નવી બનનાર ગર્લ્સ હોસ્ટેલની ૩૩૦ ની ક્ષમતા એમ કુલ ૭૩૦ વિદ્યાર્થીઓને સમાવી શકાય તેવી ૧૦૦ % કરતાં વધુ ક્ષમતા ઉપલબ્ધ થશે.

## પી.જી. સીટોની માહિતી

| ક્રમ | વિષય | મંજુર પીજી સીટો |
|---|---|---|
| ૧ | પેરીયોડોન્ટોલોજી | ૦૪ |
| ૨ | કન્ઝર્વેટીવ ડેન્ટીસ્ટ્રી એન્ડ એન્ડોડોન્ટીક્સ | ૦૩ |
| ૩ | ઓરલ એન્ડ મેક્ષિલોફેશીયલ સર્જરી | ૦૩ |
| ૪ | પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ | ૦૩ |
| ૫ | ઓરલ મેડીસીન એન્ડ રેડીયોલોજી | ૦૩ |
| ૬ | ઓરલ પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી | ૦૩ |
| | **કુલ સીટો** | **૧૯** |

મુખ્ય પેજ

# ન્યુ કન્સ્ટ્રક્શન ઓફ યુ. જી. ગર્લ્સ હોસ્ટેલ એટ ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ જામનગર (G+7)

| | |
|---|---|
| કેમ્પસ એરીયા | ૪૧૦૦૦.૦૦ ચો.મી. (૪,૪૧,૧૬૦ ચો. ફુટ) |
| બાંધકામનો એરીયા | ૧૧૨૫૮ ચો.મી. (૧,૨૧,૧૮૧ ચો. ફુટ) |
| વહીવટી મંજૂરી | તા. ૨૭.૦૭.૨૨<br>**રૂ.૩૭૩૮.૦૦ લાખ** |
| તાંત્રીક મંજૂરી | તા.૨૩.૦૮.૨૦૨૨<br>**રૂ.૩૧૮૦.૫૭ લાખ** |
| વર્ક ઓર્ડર મુજબ કામની ચાલુ કરવાની તા: | ૦૪.૦૭.૨૦૨૩ |
| વર્ક ઓર્ડર મુજબ કામની ચાલુ પૂર્ણ તા: | ૦૩.૦૧.૨૦૨૫ |
| કામની અંદાજીત રકમ | રૂ. ૩૦.૦૦ કરોડ |
| ટેન્ડરની અંદાજીત રકમ (૫.૯૪% નિચું) | રૂ. ૨૮.૨૨ કરોડ |
| એજન્સી | મે. શાંતિ કન્સ્ટ્રક્શન (ગુજ.) પ્રાઇવેટ લીમીટેડ, જામનગર |
| **બાંધકામની હાલનું સ્ટેજ** | **પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ** |

મુખ્ય પેજ

## મકાનમાં સમાવેશ થતી સુવિધાઓ: (ફ્લોર વાઈઝ વિભાગ)

| | |
|---|---|
| ગ્રાઉન્ડ ફ્લોર | વેઈટિંગ એરીયા/રીસેપ્શન, સીક્યુરીટી રૂમ, રીક્રીએશન રૂમ, કાફે, વોર્ડન ક્વાર્ટસ, લોન્ડ્રી રૂમ, પાર્કિંગ. |
| પ્રથમ માળ મેડીકલ/કાઉન્સેલીંગ રૂમ | કીચન ,ડાઈનીંગ એરીયા, લાઈબ્રેરી/રીક્રીએશન એરીયા |
| પ્રથમ માળ થી સાતમો માળ | ૩૩૦ વિદ્યાર્થીઓના સમાવેશ સાથેના ૧૬૫ રૂમોની સગવડ, દરેક રૂમમાં બાલ્કની અને ફર્નીચરની સુવીધા સાથે |

## અન્ય સુવિધાઓ :

| | |
|---|---|
| દરેક રૂમ પૈકી ફર્નીચર | ૨ બેડ ,૨ ટેબલ, ૨ ખુરશી ,૨ પબોર્ડ |
| વિદ્યાર્થી ઈનટેક કેપેસીટી | ૩૩૦ વિદ્યાર્થી |
| લિફ્ટ | ૨ નંગ (૨૦ પેસેંજર)ડી.જી. સેટ ની સુવિધા સાથે |
| સ્ટેરકેસ | ૨ નંગ |
| ફાયર ફાઈટિંગની સુવિધા સાથે | – |
| ટોઈલેટ એરીયા | દરેક માળે બંને તરફ લેવીટરી બ્લોક, સ્ટોર રૂમ |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૭

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૩૬

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)**

**પ્રશ્ન:- જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | જામનગર ડેન્ટલ કોલેજ ખાતે યુ.જી. અભ્યાસક્રમમાં કેટલી સીટો મંજુર છે? અને પી.જી. અભ્યાસક્રમમાં કેટલી સીટો મંજુર છે ? તેમજ બોયઝ અને ગર્લ્સનો રેશીયો કેટલો છે? હોસ્ટેલની સુવિધા નોર્મ્સ મુજબ પુરતી છે ? | શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા જામનગર(ઉ) |
| ૨ | જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નિર્માણાધિન હોસ્ટેલનો બાંધકામ વિસ્તાર કેટલો છે ? અત્યાર સુધી કેટલી કામગીરી થયેલ છે ? અને કેટલો ખર્ચ થયેલ છે ? | શ્રી મેઘજીભાઈ ચાવડા, કાલાવડ |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૭**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૭૩૬**

**આરોગ્ય વિભાગ**

**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા જામનગર(ઉ)

- **જામનગર ડેન્ટલ કોલેજ ખાતે યુ.જી. અભ્યાસક્રમમાં કેટલી સીટો મંજુર છે? અને પી.જી. અભ્યાસક્રમમાં કેટલી સીટો મંજુર છે ? તેમજ બોયઝ અને ગર્લ્સનો રેશીયો કેટલો છે? હોસ્ટેલની સુવિધા નોર્મ્સ મુજબ પુરતી છે ?**

**જવાબ–**

- જામનગર ડેન્ટલ કોલેજ ખાતે યુ.જી. અભ્યાસક્રમમાં કુલ ૧૨૫ સીટો અને પી.જી. અભ્યાસક્રમોમાં ૧૯ સીટો મંજુર થયેલ છે તથા બોયઝ અને ગર્લ્સ નો રેશીયો ૩૦:૭૦ નો છે.
- યુ.જી. ના કુલ ૬૨૫ જેટલા વિદ્યાર્થીઓ અને પી.જી. ના ૫૭ વિદ્યાર્થીઓ મળી કુલ ૬૮૨ વિદ્યાર્થીઓ માટે ડેન્ટલ કાઉન્સિલના નોર્મ્સ મુજબ ૬૦ % પ્રમાણે ૪૧૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી હોસ્ટેલ હોવી જોઇએ તેની સામે હયાત હોસ્ટેલની ૪૦૦ ની ક્ષમતા અને નવી બનનાર ગર્લ્સ હોસ્ટેલની ૩૩૦ ની ક્ષમતા એમ કુલ ૭૩૦ વિદ્યાર્થીઓને સમાવી શકાય તેવી ૧૦૦ % કરતાં વધુ ક્ષમતા ઉપલબ્ધ થશે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ શ્રી મેઘજીભાઇ ચાવડા, કાલાવડ

- **જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નિર્માણાધિન હોસ્ટેલનો બાંધકામ વિસ્તાર કેટલો છે ? અત્યાર સુધી કેટલી કામગીરી થયેલ છે ? અને કેટલો ખર્ચ થયેલ છે ?**

**જવાબ–**

- જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નિર્માણાધિન હોસ્ટેલનો બાંધકામ વિસ્તાર ૧૧૨૫૮ ચો.મી. (૧,૨૧,૧૮૧ ચો. ફુટ) છે.
- અત્યાર સુધી થયેલ કામગીરીની વિગતો જોઇએ તો :–
  બાંધકામની હાલનું સ્ટેજ :- પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ
- મકાનમાં સમાવેશ થતી સુવિધાઓ: (ફ્લોર વાઇઝ વિભાગ)

| | |
|---|---|
| ગ્રાઉન્ડ ફ્લોર | વેઇટિંગ એરીયા/રીસેપ્શન, સીક્યુરીટી રૂમ, રીક્રીએશન રૂમ, કાફે, વોર્ડન ક્વાર્ટસ, લોન્ડ્રી રૂમ, પાર્કિંગ. |
| પ્રથમ માળ મેડીકલ/કાઉન્સેલીંગ રૂમ | કીચન ,ડાઇનીંગ એરીયા, લાઇબ્રેરી/રીક્રીએશન એરીયા |
| પ્રથમ માળ થી સાતમો માળ | ૩૩૦ વિદ્યાર્થીઓના સમાવેશ સાથેના ૧૬૫ રૂમોની સગવડ<br>દરેક રૂમમાં બાલ્કની અને ફર્નીચરની સુવીધા સાથે |

અત્યાર સુધી અંદાજે ૨૮.૨૨ કરોડનો ખર્ચ થયેલ છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન -૧૩

**પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૨૩૦૨**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)**

**પ્રશ્ન :– યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલને મળેલ ગ્રાંટ**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલને મળેલ ગ્રાન્ટ**

* 15/4/2302 : **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં આવેલ યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ માટે કુલ કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવી, | (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં આવેલ યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ માટે નીચે મુજબની ગ્રાંટ મંજૂર કરવામાં આવી :– (તાલિકા નીચે) |
| (૨) | મંજૂર કરવામાં આવેલ ગ્રાંટ પૈકી ઉક્ત વર્ષવાર, હોસ્પિટલવાર કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી, અને | (૨) | મંજૂર કરવામાં આવેલ ગ્રાંટ પૈકી ઉક્ત વર્ષવાર, હોસ્પિટલવાર નીચે મુજબની ગ્રાંટ ફાળવવામાં આવી:- (તાલિકા નીચે) |
| (૩) | મંજૂર કરતાં ઓછી ગ્રાંટ ફાળવેલ હોય તો તેના કારણો શાં છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જવાબ (૧):

**(રૂ. લાખમાં)**

| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** |
|---|---|---|---|
| ૧ | યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ | ૨૭૦૯૪.૦૦ | ૩૦૫૦૪.૦૦ |
| ૨ | કીડની હોસ્પિટલ | ૧૩૨૩૫.૭૭ | ૧૦૫૫૩.૦૪ |
| ૩ | કેન્સર હોસ્પિટલ | ૧૦૬૯૫.૮૫ | ૧૪૧૭૮.૮૭ |

જવાબ (૨):

**(રૂ. લાખમાં)**

| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** |
|---|---|---|---|
| ૧ | યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ | ૨૭૦૯૪.૦૦ | ૩૦૫૦૪.૦૦ |
| ૨ | કીડની હોસ્પિટલ | ૧૩૨૩૫.૭૭ | ૧૦૫૫૩.૦૪ |
| ૩ | કેન્સર હોસ્પિટલ | ૧૦૬૯૫.૮૫ | ૧૪૧૭૮.૮૭ |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- ➢ યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, અમદાવાદ ખાતે હાલની સ્થિતિએ પોતાનું સ્વભંડોળ રુ.૨૯૩.૬૨ કરોડ છે.
- ➢ કિડની હોસ્પિટલ, અમદાવાદ ખાતે હાલની સ્થિતિએ પોતાનું સ્વભંડોળ રૂ. ૨૦૦ કરોડ છે.
- ➢ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે હાલની સ્થિતિએ પોતાનું સ્વભંડોળ રૂ. ૧૦૦.૨ કરોડ છે.

- ➢ **યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે નીચે મુજબની મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ છે.**
  - ૧૫ કાર્ડિયાક ઓપરેશન થીયેટર્સ
  - ૧૨ પૂર્ણ ઈન્ટીગ્રેટેડ હાઈ એન્ડ મોડ્યુલર કાર્ડિયાક ઓપરેશન થીયેટર્સ
  - હાર્ટ અને લંગ ટ્રાંસપ્લાન્ટ
  - વાસ્ક્યુલર સર્જરી
  - પિડિયાટ્રીક અને નિયોનેટલ કાર્ડિયાક સર્જરી
  - મીનીમલ ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી અને
  - થોરાસિક સર્જરી વગેરે મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ છે

મુખ્ય પેજ

- **કેન્સર હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડિકલ સુવિધાઓ જેવી કે –**
- સર્જીકલ ઓન્કોલોજી, મેડીકલ ઓન્કોલોજી, રેડીએશન ઓન્કોલોજી, પ્રીવેન્ટીવ ઓન્કોલોજી, પેલિએટીવ મેડિસીન, પીડીયાટ્રીક ઓન્કોલોજી, ન્યુરો ઓન્કોલોજી, ગાયનેક ઓન્કોલોજી, રેડિયોડાયગ્નોસીસ અને ન્યુકલીયર મેડીસીન, કેન્સર બાયોલોજી (રિસર્ચ), ઓન્કોપેથોલોજી અને માઈક્રોબાયોલોજી લેબોરેટરી તેમજ સાયબર નાઈફ નામનું જે રેડિયોથેરાપીનું મશીન છે તે અત્યંત આધુનિક મશીન છે. પૂરા ભારતમાં સરકારી હોસ્પિટલ ખાતે આ પહેલું સાયબર નાઈફ નામનું મશીન ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે વસાવવામાં આવેલ છે.
- વધુમાં, સાયબર નાઈફ નામના રેડિયોથેરાપીના મશીનથી સારવાર ભારતમાં ફક્ત પ્રાઈવેટ કોર્પોરેટ હોસ્પિટલ પાસે જ ઉપલબ્ધ છે. સરકારી કોઈપણ હોસ્પિટલ કે મુંબઈની પ્રખ્યાત ટાટા હોસ્પિટલમાં પણ આ (સાયબર નાઈફ) મશીન નથી.

- **કિડની હોસ્પિટલ ખાતે :–** નેફ્રોલોજી, યુરોલોજી, ગેસ્ટ્રોલોજી, રેડીયોલીજી, પેથોલોજી, બ્લડ બેંક, હાઈરીસ્ક પ્રેગનેંસી, ફીઝીયોથેરાપી, પીડીયાટ્રીક નેફ્રોલોજી, પીડીયાટ્રીક યુરોલોજી, કિડની ટ્રાન્સપ્લાન્ટ, લીવર ટ્રાન્સપ્લાન્ટ, આઈ.સી.સી.યુ અને ક્રીટીકલ કેર જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

મુખ્ય પેજ

# યુ. એન. મહેતામાં ગ્રાન્ટ વણવપરાયેલી રહેવા પાછળના કારણો

- સંસ્થાનું નવીનીકરણ થયા પહેલાની સરખામણીએ તજજ્ઞ તબીબોની ટીમ, નર્સિંગ સ્ટાફ, ટેકનિકલ સ્ટાફ તથા અન્ય વહીવટી સ્ટાફની સંખ્યા ઓછી હોવાના કારણે ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ કારણ કે સ્ટાફની ભરતીની પ્રક્રિયા ચાલુ છે.
- સંસ્થાનું નવીનીકરણ થયા પહેલા સાધન-સામગ્રીનો AMC/CMC તથા અન્ય રિકરિંગ તેમજ વહીવટીનો ખર્ચ ઓછો હોવાના કારણે ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ.
- સંસ્થામાં વપરાતી આધુનિક તેમજ નવી ટેક્નોલોજી ધરાવતી મેડિકલ સાધન સામગ્રીની નિભાવ-જાળવણીનું નિરીક્ષણ ખર્ચ વર્ષના અંતે બાકી રેહવાથી
- સંસ્થામાં 450 પથારીમાંથી 1251 પથારી થવાથી શરૂઆતના સમયગાળા દરમ્યાન દર્દીઓની થતી ઓપીડી તેમજ આઈપીડી સંખ્યા ઓછી હોવાના કારણે જેના લગતા થનાર ખર્ચના કારણે ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ.
- સંસ્થાના જુના હોસ્પિટલના બાંધકામનું નવીનીકરણ કરવા માટે અને નવીનીકરણનું કામ અત્યારે કાર્યરત રહેલ હોવાથી ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ..
- અત્યંત આધુનિક તેમજ નવી ટેક્નોલોજી ધરાવતી મેડિકલ સાધન સામગ્રીની અને કંડમ કરવાપાત્ર જુના સાધનો સામે નવા સાધન સામગ્રીની ખરીદી પ્રક્રિયા કાર્યરત રહેલ હોવાથી જેનો ખર્ચ જે તે વર્ષમાં થયેલ ન હોવાથી ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૧૩

### પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૦૨

### તા. ૨૭/૦૨/૨૦૨૪

### આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)**

**પ્રશ્ન:- યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલને મળેલ ગ્રાંટ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજ્ય સરકાર દ્વારા સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં આવેલ યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ અમદાવાદને કયા હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | શ્રી કનુભાઇ પટેલ, સાણંદ |
| ૨ | યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ અમદાવાદને રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૨-૨૩માં ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રેહવા પામેલ છે ? | શ્રી અમિતભાઇ શાહ, એલિસબ્રીજ |
| ૩ | ➢ યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં કેટલા અંદરના અને કેટલા બહારના દર્દીઓએ સારવાર લીધી ?<br>➢ તથા શાળા આરોગ્ય અંતર્ગત કેટલા બાળકોને નિ:શુલ્ક સારવાર આપવામાં આવી ?<br>➢ તથા અનુસુચિત જાતિના કેટલા અને અનુસુચિત જનજાતિના કેટલા દર્દીઓને નિ:શુલ્ક સારવાર પુરી પાડવામાં આવેલ છે? | શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૩**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૩૦૨**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ શ્રી કનુભાઇ પટેલ, સાણંદ

- **રાજ્ય સરકાર ધ્વારા સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં આવેલ યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ અમદાવાદને કયા હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?**

**જવાબ–**

- યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, અમદાવાદને પગાર ભથ્થા, રીકરીંગ, શાળા આરોગ્ય કાર્યક્રમ, બી.પી.એલ. કાર્ડ અંતર્ગત ગરીબી રેખા નીચે આવતા કુટુંબોની સારવાર , અનુસુચિત જાતિ તેમજ અનુસુચિત જનજાતિના દર્દીઓની સારવાર હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
- કિડની હોસ્પિટલ, અમદાવાદને પગાર ભથ્થા અને રિકરીંગ ખર્ચ તેમજ સાધન સામગ્રીની ખરીદી અને દર્દીઓની સારવાર પેટે ફાળવવામાં આવેલ છે.
- કેન્સર હોસ્પિટલ, અમદાવાદને પગાર ભથ્થા અને રિકરીંગ ખર્ચને પહોંચી વળવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ શ્રી અમિતભાઇ શાહ, એલિસબ્રીજ

- **યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ અમદાવાદને રાજ્ય સરકાર દ્વારા વર્ષ–૨૦૨૨–૨૩માં ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રેહવા પામેલ છે ?**

**જવાબ–**

- યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, અમદાવાદ ખાતે વર્ષ–૨૦૨૨–૨૩ માં ૨૫.૧૯ કરોડની ગ્રાન્ટ વણવપરાયેલ રહેવા પામેલ છે.
- કિડની હોસ્પિટલ, અમદાવાદ ખાતે વર્ષ–૨૦૨૨–૨૩ માં કોઈ ગ્રાન્ટ વણવપરાયેલ રહેવા પામેલ નથી.
- કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વર્ષ–૨૦૨૨–૨૩ માં કોઈ ગ્રાન્ટ વણવપરાયેલ રહેવા પામેલ નથી.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર

- **યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં કેટલા અંદરના અને કેટલા બહારના દર્દીઓએ સારવાર લીધી ?**
- **તથા શાળા આરોગ્ય અંતર્ગત કેટલા બાળકોને નિ:શુલ્ક સારવાર આપવામાં આવી ?**
- **તથા અનુસુચિત જાતિના કેટલા અને અનુસુચિત જનજાતિના કેટલા દર્દીઓને નિ:શુલ્ક સારવાર પુરી પાડવામાં આવેલ છે?**

**જવાબ :–**

- યુ.એન.મહેતા હોસ્પિટલ,અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં ૮૭,૮૯૨ અંદરના દર્દીઓ અને ૬,૧૨,૬૯૬ બહારના દર્દીઓએ સારવાર લીધેલ છે.
- શાળા આરોગ્ય અંતર્ગત વર્ષ–૨૦૨૧–૨૨માં ૩૬૫૪ અને વર્ષ–૨૦૨૨–૨૩ માં ૪૩૧૨ મળી કુલ ૭૯૬૬ બાળકોને નિ:શુલ્ક સારવાર આપવામાં આવેલ છે.

તથા અનુસુચિત જાતિના ૪૬૬૨ અને અનુસુચિત જનજાતિના ૭૦૭ દર્દીઓને નિ:શુલ્ક સારવાર પુરી પાડવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન -૧૪

## પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૨૨૯૩
## તા. ૨૭/૦૨/૨૦૨૪

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**માન. ધારાસભ્યશ્રી :**
**શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ)**

**પ્રશ્ન :– પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

***15/4/2293 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ની અનુક્રમે ૧૦૭, ૫૯ અને ૮૩ જગ્યાઓ ખાલી હતી તે યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવનાર હતી, તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ સંવર્ગવાર ભરવામાં આવી,</td><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નીચે મુજબની જગ્યાઓ ભરવામાં આવેલ છે.<table><tr><th>સંવર્ગ</th><th>ભરવામાં આવેલ જગ્યાઓ</th></tr><tr><td>વર્ગ–૧</td><td>૭૭</td></tr><tr><td>વર્ગ–૨</td><td>૦૧</td></tr><tr><td>વર્ગ–૩</td><td>૦૪</td></tr></table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને</td><td>(૨)</td><td><table><tr><th>સંવર્ગ</th><th>ખાલી જગ્યા</th></tr><tr><td>વર્ગ–૧</td><td>૧૦૭</td></tr><tr><td>વર્ગ–૨</td><td>૭૧</td></tr><tr><td>વર્ગ–૩</td><td>૮૦</td></tr></table></td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?</td><td>(૩)</td><td>આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે</td></tr>
</table>

મુખ્ય પેજ

# પુરક નોંધ

## અગાઉ – ડો. દર્શિતા શાહ (રાજકોટ પશ્ચિમ) દ્વારા પુછવામાં આવેલ પ્રશ્ન

<table>
<tr><th>ક્રમ</th><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>૧</td><td>તા.૩૧/૧૨/૨૨ની સ્થિતીએ પી.ડી.યુ કોલેજ, રાજકોટનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજુર થયેલ છે,</td><td>તા.૩૧/૧૨/૨૨ની સ્થિતીએ પી.ડી.યુ કોલેજ, રાજકોટનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.<br>પી.ડી.યુ. કોલેજ, રાજકોટ<br><table><tr><th>સંવર્ગ</th><th>મંજુર જગ્યા</th></tr><tr><td>વર્ગ–૧</td><td>૨૭૬</td></tr><tr><td>વર્ગ–૨</td><td>૧૧૦</td></tr><tr><td>વર્ગ–૩</td><td>૨૪૮</td></tr><tr><td>વર્ગ–૪</td><td>૧૨૧</td></tr><tr><td>કુલ</td><td>૭૫૫</td></tr></table></td></tr>
<tr><td>૨</td><td>તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને</td><td>ઉક્ત પૈકી સંવર્ગવાર પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.<br>પી.ડી.યુ. કોલેજ, રાજકોટ<br><table><tr><th>સંવર્ગ</th><th>ભરાયેલ જગ્યા</th><th>ખાલી જગ્યા</th></tr><tr><td>વર્ગ–૧</td><td>૧૬૯</td><td>૧૦૭</td></tr><tr><td>વર્ગ–૨</td><td>૫૧</td><td>૫૯</td></tr><tr><td>વર્ગ–૩</td><td>૧૬૫</td><td>૮૩</td></tr><tr><td>વર્ગ–૪</td><td>૧૨૧</td><td>૦૦</td></tr><tr><td>કુલ</td><td>૫૦૬</td><td>૨૪૯</td></tr></table></td></tr>
<tr><td>૩</td><td>ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?</td><td>યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.</td></tr>
</table>

મુખ્ય પેજ

| સંવર્ગ | મહેકમ(પી.ડી.યુ કોલેજ), રાજકોટ | | | |
|---|---|---|---|---|
| | **મંજુર** | **ભરેલ** તા.૩૧/૧૨/૨૨ની સ્થિતીએ | **ખાલી** તા.૩૧/૧૨/૨૨ની સ્થિતીએ | **ખાલી** તા.૩૧/૧૨/૨૩ની સ્થિતીએ |
| વર્ગ–૧ | ૨૭૬ | ૧૬૯ | ૧૦૭ | ૧૦૭ |
| વર્ગ–૨ | ૧૧૦ | ૫૧ | ૫૯ | ૭૧ |
| વર્ગ–૩ | ૨૪૮ | ૧૬૫ | ૮૩ | ૮૦ |
| વર્ગ–૪ | ૧૨૧ | ૧૨૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૭૫૫** | **૫૦૬** | **૨૪૯** | **૨૫૮** |

- તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતીએ કુલ ૨૪૯ જગ્યાઓ ખાલી હતી. જે તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ વધીને ૨૫૮ થયેલ છે.
- તા. ૩૧/૧૨/૨૦૨૨થી તા. ૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન વર્ગ–૧ માં ૭૭ ના નિમણુંકના હુકમો કરવામાં આવેલ. વર્ગ–૨ માં ૧ અને વર્ગ–૩ માં ૪ એમ **કુલ ૮૨** નિમણુંકો આપવામાં આવેલ.
- જેની સામે વર્ષ દરમિયાન નીચે મુજબની વિગતે જગ્યાઓ ખાલી પડેલ છે.

| કારણ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | કુલ |
|---|---|---|---|---|
| બઢતી | ૧ | ૦૩ | – | ૪ |
| વયનિવૃત્તિ | ૧ | ૦૦ | – | ૧ |
| અવસાન | ૧ | ૦૦ | – | ૧ |
| બદલી | ૩ | ૦ | ૦૧ | ૪ |
| રાજીનામા | ૨૯ | ૦૯ | ૦૧ | ૩૯ |
| હાજર ન થયેલ | ૧૨ | ૦૦ | – | ૧૨ |
| અગાઉથી ખાલી | ૬૦ | ૫૯ | ૭૮ | ૧૯૭ |
| **કુલ** | **૧૦૭** | **૭૧** | **૮૦** | **૨૫૮** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૧૪

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૨૯૩

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ)**

**પ્રશ્ન:- પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પી.ડી.યુ. કોલેજ, રાજકોટ ખાતે વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની કેટલી જગ્યાઓ ભરાયેલ છે ? અને કેટલી જગ્યાઓ ખાલી છે ? | ડૉ. દર્શિતાબેન શાહ, રાજકોટ (પ) |
| ૨ | ખાલી જગ્યાઓ ભરવા અંગેનું આયોજન જણાવશો. | શ્રી ઉદયભાઈ કાનગડ, રાજકોટ (પુ) |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૪**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૨૯૩**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (ડૉ. દર્શિતાબેન શાહ, રાજકોટ (પ))

- **તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ પી.ડી.યુ. કોલેજ, રાજકોટ ખાતે વર્ગ–૧, વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪ની કેટલી જગ્યાઓ ભરાયેલ છે ? અને કેટલી જગ્યાઓ ખાલી છે ?**

જવાબ–

| સંવર્ગ | મંજુર | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૭૬ | ૧૬૯ | ૧૦૭ |
| વર્ગ–૨ | ૧૧૦ | ૩૯ | ૭૧ |
| વર્ગ–૩ | ૨૪૮ | ૧૬૮ | ૮૦ |
| વર્ગ–૪ | ૧૨૧ | ૧૨૧ | ૦૦ |
| કુલ | ૭૫૫ | ૪૯૭ | ૨૫૮ |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી ઉદયભાઇ કાનગડ, રાજકોટ (પુ))

- **ખાલી જગ્યાઓ ભરવા અંગેનું આયોજન જણાવશો?**

**જવાબ–**

- વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ સીધી ભરતીથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩માં વર્ગ–૧ની ૧૭ જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે. જ્યારે ૦૫ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩માં વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા વર્ગ–૧ની ૫૫ જગ્યાઓ અને વર્ગ–૦૨ની ૦૧ જગ્યા ૧૧ માસ કરાર આધારીત ભરવામાં આવેલ છે.

વર્ગ–૩ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતીથી ભરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨માં કુલ ૩૨૧ જગ્યાઓના માંગણા પત્રક ગૌણસેવા પસંદગી મંડળને મોકલવામાં આવેલ છે. જ્યારે અન્ય ૫૫૪ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ભરતી કેલેન્ડરમાં સમાવેશ કરવા માટેની કામગીરી ચાલી રહી છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન -૧૬

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૨૯૮**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**ગેનીબેન નગાજી ઠાકોર (વાવ)**

**પ્રશ્ન :– બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં નવજાત બાળકોના મૃત્યુ**

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં નવજાત બાળકોના મૃત્યુ**

* **15/4/2298 શ્રીમતી ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવજાત બાળકોનાં મૃત્યુ નિપજયાં, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નવજાત બાળકોના થયેલ મોતની વિગત નીચે મુજબ છે. |

| તાલુકા નું નામ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ નવજાત બાળકોના મોતની વિગતો | | સરવાળો |
|---|---|---|---|
| | તા.૦૧/૦૧/૨૨ થી તા.૩૧/૧૨/૨૨ | તા.૦૧/૦૧/૨૩ થી તા.૩૧/૧૨/૨૩ | |
| બનાસકાંઠા જિલ્લો | | | |
| અમીરગઢ | ૩૩ | ૩૭ | ૭૦ |
| કાંકરેજ | ૫૬ | ૫૫ | ૧૧૧ |
| ડીસા | ૫૬ | ૩૯ | ૯૫ |
| થરાદ | ૬૧ | ૫૪ | ૧૧૫ |
| દાંતા | ૬૪ | ૬૬ | ૧૩૦ |
| દાંતીવાડા | ૧૬ | ૨૦ | ૩૬ |
| દિયોદર | ૩૦ | ૩૭ | ૬૭ |
| ધાનેરા | ૩૦ | ૩૦ | ૬૦ |
| પાલનપુર | ૭૦ | ૬૩ | ૧૩૩ |
| ભાભર | ૧૩ | ૧૮ | ૩૧ |
| લાખણી | ૪૬ | ૨૮ | ૭૪ |
| વડગામ | ૩૮ | ૨૭ | ૬૫ |
| વાવ | ૨૯ | ૨૧ | ૫૦ |
| સુઇગામ | ૧૩ | ૧૦ | ૨૩ |
| કુલ : | ૫૫૫ | ૫૦૫ | ૧૦૬૦ |
| અમદાવાદ જિલ્લો | | | |
| દસકોઇ | ૫૬ | ૫૯ | ૧૧૫ |
| દેત્રોજ | ૮ | ૧૩ | ૨૧ |
| ધંધુકા | ૧૨ | ૧૯ | ૩૧ |
| ધોલેરા | ૭ | ૮ | ૧૫ |
| ધોળકા | ૨૫ | ૩૬ | ૬૧ |
| બાવળા | ૨૮ | ૧૫ | ૪૩ |
| માંડલ | ૮ | ૭ | ૧૫ |
| વિરમગામ | ૧૭ | ૨૦ | ૩૭ |
| સાણંદ | ૧૯ | ૩૨ | ૫૧ |
| કુલ : | ૧૮૦ | ૨૦૯ | ૩૮૯ |
| એકંદરે સરવાળો | ૭૩૫ | ૭૧૪ | ૧૪૪૯ |

મુખ્ય પેજ

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉકત બાળકોના મૃત્યુનાં મુખ્ય કારણો શાં છે, અને | (૨) | ઉકત બાળકોનાં મૃત્યુનાં સંભવિત મુખ્ય કારણો નીચે મુજબ છે.<br>૧. બર્થ એકસપેસીયા,<br>૨. જન્મ જાત ખામી,<br>3. જન્મ સમયે ઓછુ વજન,<br>૪. સેપ્સીસ,<br>૫. ન્યુમોનિયા,<br>૬. ડાયેરીયા,<br>૭. હાઈફીવર વિગેરે છે. |
| (૩) | નવજાત બાળકોના મૃત્યુ અટકાવવા સરકારે શા પગલાં લીધા ? | (૩) | નવજાત શિશુઓનાં મૃત્યુ અટકાવવા બાબતે રાજય સરકાર દ્વારા નીચે મુજબના પગલાંઓ લેવામાં આવેલ છે.<br>૧. રાજયમાં સગર્ભા માતાની પૂર્વ પ્રસૂતિ તપાસ, યોગ્ય નિદાન, બર્થ માઈક્રો પ્લાન, સમય પર રીફર અને આરોગ્યલક્ષી કાઉન્સેલીંગ દ્વારા જરૂરી આરોગ્ય સેવાઓ મમતા દિવસે આપવામાં આવે છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી- ૨૪ અંતિત ૧૧,૬૪,૯૦૬(૭૯%) સગર્ભા માતાઓની નોંધણી (વાર્ષિક અપેક્ષિત ૧૪,૭૬,૦૦૦ સગર્ભા નોંધણી સામે) કરાયેલ છે. અને કુલ ૧૦,૫૭,૦૪૪ (૯૦%) સગર્ભા તપાસણી કરી જરૂરી સેવાઓ આપવામાં આવેલ છે. જે પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૭૨,૪૫૨ અને અમદાવાદ જિલ્લામાં ૩૪,૬૬૮ મળી કુલ ૧,૦૭,૧૨૦ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવેલ છે.<br>૨. રાજયમાં વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત ૯૯.૯% સંસ્થાકીય પ્રસુતિ થયેલ છે. બનાસકાંઠા જિલ્લામાં ૧૦૦ % અને અમદાવાદ જિલ્લામાં ૯૯.૯% સંસ્થાકીય પ્રસુતિ થયેલ છે.<br>૩. શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) હેઠળ નવજાત શિશુની તપાસ કરવામાં આવે છે અને તેમાં જો કોઈ જોખમી લક્ષણો / ચિહ્નો જેવા કે હૃદય, કીડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોને ઉપરી સ્વાસ્થ્ય સંસ્થા ખાતે વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવે છે અને તદ્દન મફત સારવાર આપવામાં આવે છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત કુલ ૯,૩૩,૬૨૮ નવજાત શિશુઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના ૬૬,૮૧૭ નવજાત શિશુઓ અને અમદાવાદ જિલ્લામાં ૨૯,૭૮૯ નવજાત શિશુઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.<br>૪. રાજયમાં તેમજ બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં જન્મ સમયથી જ રસીકરણ સેવાઓ પુરી પાડવામાં આવે છે. નવજાત શિશુઓને ઝેરી કમળા વિરોધી રસી, બીસીજી રસી અને પોલિયોની રસીથી રક્ષિત કરવામાં આવે છે.<br>૫. “જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ” હેઠળ સગર્ભા માતા, પ્રસૂતા માતા અને એક વર્ષ સુધીનાં બાળકોને દવાઓ અને જરૂરી નિદાન અને સારવાર વિનામુલ્ય આપવામાં આવે છે. પ્રસૂતિ બાદ માતા અને બાળક સલામત ઘરે પહોંચે તે હેતુ થી ખિલખિલાટ વાહન વ્યવસ્થા દ્વારા ઘરે ડ્રોપ બેક સેવા તદન મફત આપવામાં આવે છે. રાજ્યમાં હાલ ૪૧૪ ખિલખિલાટ વાહન કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૮ અને અમદાવાદ જિલ્લામાં ૨૭ ખિલખિલાટ વાહન |

મુખ્ય પેજ

| | | | |
|---|---|---|---|
| | | | કાર્યરત છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત ૫,૮૩,૭૮૯ સગર્ભા માતાઓ, નવજાત શિશુઓ અને બાળકોને વિના મૂલ્યે દવાઓ અને નિદાન સેવાઓ પુરી પાડવામાં આવી છે. જેમા બનાસકાંઠા જિલ્લાના ૨૫,૬૧૪ લાભાર્થીઓ અને અમદાવાદ જિલ્લામાં ૬૬,૮૧૧ લાભાર્થીઓને વિના મૂલ્યે દવાઓ અને નિદાન સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.<br>૬. આશા દ્વારા Home Based NewBorn Care સેવા અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૩ અંતિત ૭,૪૫,૭૦૪ (૯૬.૨૯%) નવજાત શિશુઓની ઘર આંગણે આરોગ્યલક્ષી તપાસ અને યોગ્ય સમયે જરૂર જણાયે વધુ સારવાર માટેની રેફરલ સેવાઓ માટે આવરી લેવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૩૦૭૦૮ અને અમદાવાદ જિલ્લામાં ૨૭૮૩૦ નવજાત શિશુઓને Home Based New Born Care સેવાથી આવરી લીધેલ છે.<br>ઉપરાંત Integrated Management of Neonatal Childhood Illness (IMNCI) અંતર્ગત બિમાર નવજાત શિશુઓને શોધી જરૂરી સારવાર અને રેફરલ સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.<br>૭. ન્યુમોનીયા અને ડાયેરીયા જેવા રોગ માટે નવજાત શિશુ અને બાળકોને પ્રોગ્રામની ગાઇડલાઇન મુજબ જરૂરી સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.<br>૮. નવજાત શિશુના મુત્યુ અટકાવવા માટે ગાઇડલાઈન મુજબ આરોગ્યના કર્મચારી અને અધિકારીશ્રીઓને નવજાત શિશુ સુરક્ષા કાર્યક્રમ (NSSK) ની તાલીમ આપવામાં આવેલ છે.<br>૯. અતિ ગંભીર બિમાર નવજાત શિશુઓની સઘન સારવાર સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU) અંતર્ગત જેમાં Ventilator સહિત અત્યાધુનિક સાધન સામગ્રી સહિત બાળનિષ્ણાંતો દ્વારા સારવાર આપવામાં આવે છે. જે માટે રાજયમાં હાલ કુલ ૫૬ સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU) મેડિકલ કોલેજ હોસ્પિટલ, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ કક્ષાએ કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૨ અને અમદાવાદ જિલ્લામાં ૪ SNCU કાર્યરત છે.<br>તાલુકા કક્ષાએ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે કુલ ૧૪૩ ન્યુબોર્ન સ્ટેબીલાઈઝેશન યુનિટ (NBSU) કાર્યરત છે, જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૬ NBSU અને અમદાવાદ જિલ્લામાં ૬ NBSU કાર્યરત છે. હાલ રાજયમાં કુલ ૧૯૦૩ ન્યુબોર્ન કેર કોર્નર (NBCC) ડીલીવરી પોઈન્ટ ખાતે કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૨૭ NBCC અને અમદાવાદ જિલ્લામાં ૪૩ NBCC કાર્યરત છે. |

------------------

મુખ્ય પેજ

# <u>પુરક નોંધ</u>

## સરકારશ્રી દ્વારા કરવામાં આવતી કામગીરી

### (૧) <u>સગર્ભાઓની નોંધણી (મમતા દિવસ)</u>

- રાજયમાં સગર્ભાની પૂર્વ પ્રસૂતિ તપાસ, યોગ્ય નિદાન, બર્થ માઈક્રો પ્લાન, સમય પર રીફર અને આરોગ્યલક્ષી કાઉન્સેલીંગ દ્વારા જરૂરી આરોગ્ય સેવાઓ મમતા દિવસે આપવામાં આવે છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી- ૨૪ અંતિત **૧૧,૬૪,૯૦૬(૭૯%)** સગર્ભાઓની નોંધણી (વાર્ષિક અપેક્ષિત ૧૪,૭૬,૦૦૦ સગર્ભા નોંધણી સામે) કરાયેલ છે. અને **કુલ ૧૦,૫૭,૦૪૪ (૯૦%)** સગર્ભા તપાસણી કરી જરૂરી સેવાઓ આપવામાં આવેલ છે. જે પૈકી બનાસકાંઠા જિલ્લામાં **૭૨,૪૫૨** અને અમદાવાદ જિલ્લામાં **૩૪,૬૬૮** મળી કુલ **૧,૦૭,૧૨૦** સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવેલ છે.

### (૨) <u>સંસ્થાકીય પ્રસુતિ</u>.

- રાજયમાં વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત **૯૯.૯% સંસ્થાકીય પ્રસુતિ** થયેલ છે. બનાસકાંઠા જિલ્લામાં **૧૦૦ %** અને અમદાવાદ જિલ્લામાં **૯૯.૯%** સંસ્થાકીય પ્રસુતિ થયેલ છે.

### (૩) <u>નવજાત શિશુ તપાસ</u>

- શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) હેઠળ નવજાત શિશુની તપાસ કરવામાં આવે છે અને તેમાં જો કોઈ જોખમી લક્ષણો / ચિહ્નો જેવા કે હૃદય, કીડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોને ઉપરી સ્વાસ્થ્ય સંસ્થા ખાતે વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવે છે અને તદ્દન મફત સારવાર

મુખ્ય પેજ

આપવામાં આવે છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત **કુલ ૯,૩૩,૬૨૮** નવજાત શિશુઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના **૬૬,૮૧૭** નવજાત શિશુઓ અને અમદાવાદ જિલ્લામાં **૨૯,૭૮૯** નવજાત શિશુઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

(૪) **રસીકરણ.**

- રાજયમાં તેમજ બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં જન્મ સમયથી જ રસીકરણ સેવાઓ પુરી પાડવામાં આવે છે. નવજાત શિશુઓને ઝેરી કમળા વિરોધી રસી, બીસીજી રસી અને પોલિયોની રસીથી રક્ષિત કરવામાં આવે છે.

(૫) **જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ**

- **"જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ"** હેઠળ સગર્ભા માતા, પ્રસૂતા માતા અને એક વર્ષ સુધીનાં બાળકોને દવાઓ અને જરૂરી નિદાન અને સારવાર વિનામુલ્ય આપવામાં આવે છે. પ્રસૂતિ બાદ માતા અને બાળક સલામત ઘરે પહોંચે તે હેતુ થી ખિલખિલાટ વાહન વ્યવસ્થા દ્વારા ઘરે ડ્રોપ બેક સેવા તદન મફત આપવામાં આવે છે. રાજ્યમાં હાલ **૪૧૪** ખિલખિલાટ વાહન કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં **૧૮** અને અમદાવાદ જિલ્લામાં **૨૭** ખિલખિલાટ વાહન કાર્યરત છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત **૫,૮૩,૭૮૯** સગર્ભા માતાઓ, નવજાત શિશુઓ અને બાળકોને વિના મૂલ્યે દવાઓ અને નિદાન સેવાઓ પુરી પાડવામાં આવી છે. જેમા બનાસકાંઠા જિલ્લાના **૨૫,૬૧૪** લાભાર્થીઓ અને અમદાવાદ જિલ્લામાં **૬૬,૮૧૧** લાભાર્થીઓને

મુખ્ય પેજ

વિના મૂલ્યે દવાઓ  અને નિદાન સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

(૬) **Home Based NewBorn Care**

- આશા દ્વારા Home Based NewBorn Care સેવા અંતર્ગત ડિસેમ્બર–૨૦૨૩ અંતિત **૭,૪૫,૭૦૪ (૯૬.૨૯%)** નવજાત શિશુઓની ઘર આંગણે આરોગ્યલક્ષી તપાસ અને યોગ્ય સમયે જરૂર જણાયે વધુ સારવાર માટેની રેફરલ સેવાઓ માટે આવરી લેવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં **૩૦૭૦૮** અને અમદાવાદ જિલ્લામાં **૨૭૮૩૦** નવજાત શિશુઓને Home Based New Born Care સેવાથી આવરી લીધેલ છે.

(૭) **Integrated Management of Neonatal Childhood Illness (IMNCI)**

- ઉપરાંત Integrated Management of Neonatal Childhood Illness (IMNCI) અંતર્ગત બિમાર નવજાત શિશુઓને શોધી જરૂરી સારવાર અને રેફરલ સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.
- ન્યુમોનીયા અને ડાયેરીયા જેવા રોગ માટે નવજાત શિશુ અને બાળકોને પ્રોગ્રામની ગાઇડલાઇન મુજબ જરૂરી સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

**(૮) તાલીમ.**

- નવજાત શિશુના મુત્યુ અટકાવવા માટે ગાઈડલાઈન મુજબ આરોગ્યના કર્મચારી અને અધિકારીશ્રીઓને નવજાત શિશુ સુરક્ષા કાર્યક્રમ (NSSK) ની તાલીમ આપવામાં આવેલ છે.

**(૯) સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU)**

- અતિ ગંભીર બિમાર નવજાત શિશુઓની સઘન સારવાર સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU) અંતર્ગત જેમાં Ventilator

મુખ્ય પેજ

સહિત અત્યાધુનિક સાધન સામગ્રી સહિત બાળનિષ્ણાંતો દ્વારા સારવાર આપવામાં આવે છે. જે માટે રાજ્યમાં હાલ કુલ ૫૬ સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU) મેડિકલ કોલેજ હોસ્પિટલ, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ કક્ષાએ કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૨ અને અમદાવાદ જિલ્લામાં ૪ SNCU કાર્યરત છે.

**(૧૦) <u>ન્યુબોર્ન સ્ટેબીલાઈઝેશન યુનિટ (NBSU)</u>**

- તાલુકા કક્ષાએ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે કુલ **૧૪૩** ન્યુબોર્ન સ્ટેબીલાઈઝેશન યુનિટ (NBSU) કાર્યરત છે, જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૬ NBSU અને અમદાવાદ જિલ્લામાં ૬ NBSU કાર્યરત છે. હાલ રાજ્યમાં **કુલ ૧૯૦૩** ન્યુબોર્ન કેર કોર્નર (NBCC) ડીલીવરી પોઇન્ટ ખાતે કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૨૭ NBCC અને અમદાવાદ જિલ્લામાં ૪૩ NBCC કાર્યરત છે.
- **<u>નવી યોજના.</u>**
- આ ઉપરાંત અતિ ગંભીર લક્ષણો ધરાવતી સગર્ભા માતાઓને સલામત રીતે પ્રસુતિ થાય  અને માતા મરણ તેમજ બાળ મરણ ઘટાડી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રીના વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટમાં રૂ. ૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- અતિ ગંભીર લક્ષણો ધરાવતી સગર્ભા માતાઓને સગર્ભા દરમિયાન ઓળખી તેઓને સરકારી મેડીકલ કોલેજ તેમજ જીલ્લા હોસ્પિટલ ખાતે પ્રસુતિ પહેલા દાખલ કરવા અને પ્રસુતિ બાદ સાત દિવસ હોસ્પિટલ ખાતે રાખવામાં આવશે.

મુખ્ય પેજ

- આ માટે તેઓને રૂ. ૧૫૦૦૦ ની પ્રોત્સાહક રકમ પુરી પાડવામાં આવશે ઉપરાંત વિશેષ કાળજી રાખનાર આશા બહેનને પણ પ્રતિ લાભાર્થી રૂ. ૩૦૦૦ ની પ્રોત્સાહક રકમ ચુકવવામાં આવશે.

મુખ્ય પેજ

# પુરક નોંધ – બાળ આરોગ્ય કાર્યક્રમ

- રાજયમાં દરેક માતા અને બાળકને તેના આરોગ્ય ની સંપૂર્ણ સેવા મળી રહે તેવા ઉમદા હેતુ થી માતૃબાળ કલ્યાણ સેવાઓ સફળ અમલી છે  અને તેને વધુ સુદ્રઢ કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજયમાં માતૃબાળ કલ્યાણ સેવાઓ સુસ્થાપિત કરવા રાજ્ય સરકાર દ્બારા સગર્ભા માતા અને બાળકોની પુરતી કાળજી લેવામાં આવી રહી છે. માતૃબાળ કલ્યાણ સેવાઓ રાજયનાં દરેક વિસ્તારોમાં પહોંચે તે સારુ દર વર્ષે છ લાખથી વધુ મમતા સેશન નું આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવે છે. સગર્ભા માતાઓની નોંધણી, જરૂરી તબીબી તપાસ અને આરોગ્ય સેવાઓ નિયમિત પણે મળે તે સારૂ રાજયમાં સબ સેન્ટરથી માંડી મેડિકલ કોલેજ સુધી આરોગ્ય સેવાઓ તમામ સ્તરે જરૂરીયાત મુજબ પુરી પાડવામાં આવે છે.
- રાજયમાં માતા મૃત્યુ દર અને નવજાત શિશુ મૃત્યુ દર ઘટે તે આશયથી કેન્દ્ર  સરકાર અને રાજય સરકાર ની વિવિધ આરોગ્ય લક્ષી યોજનાઓ જેવી કે પ્રધાન મંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, ખિલખિલાટ, જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના નો અમલ રાજયમાં અસરકારક રીતે કરવામાં આવે છે.
- આરોગ્યની સરકારી સુવિધાઓ લાભાર્થીઓને પૂરતા પ્રમાણમાં મળી રહે  અને તે સેવાનો લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે અંદાજીત ૧૨ લાખ બાળકોને Home based New born care (HBNC) અંતર્ગત આશા દ્બારા ઘરેઘરે જઈને આરોગ્ય સેવાઓ આપવામાં આવી રહેલ છે તેમજ ત્રણ મહિનાથી પંદર મહિના

મુખ્ય પેજ

સુધીના બાળકોને પણ Home Based Care for Young Children(HBYC) સેવા અંતર્ગત ગૃહ મુલાકાત દ્વારા આરોગ્ય સેવા આપવામાં આવે છે.

- વધુમાં દરેક આરોગ્ય સંસ્થા ખાતે થ્રી ટાયર એપ્રોચ થકી દરેક ડિલીવરી પોઈન્ટ ખાતે New Born Care Corner (NBCC) - ૧૯૦૩, દરેક તાલુકા કક્ષાએ New born Stabilization Unit (NBSU)- કુલ **૧૪૩**, અને જિલ્લા કક્ષાએ District Hospital/Medical College Hospital ખાતે Sick Newborn Care Unit (SNCU)– **કુલ ૫૭** ખાતે ગંભીર બિમારી ધરાવતા નવજાત શિશુઓને આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. જેમાં દર વર્ષે **૬૦,૦૦૦** થી વધુ નવજાત શિશુઓને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ વિનામુલ્યે સુનિશ્ચિત કરવામાં આવે છે. વધુમાં દર વર્ષે ઈન્ટેન્સીફાઈડ ડાયરીયા કંટ્રોલ ફોર્ટ્નાઈટ અંતર્ગત પાંચ વર્ષ સુધીનાં બાળકોને ORS અને Zinc ની ગોળીઓ આપવામાં આવે છે. તેમજ દર વર્ષે નવેમ્બર થી ફેબ્રુઆરી માસમાં પાંચ વર્ષ સુધીનાં બાળકોમાં ન્યુમોનિયા નાબુદી અંગે સામાજિક જાગૃતિ અને બાળકોમાં તેના લક્ષણોની વહેલી ઓળખ અને સમયસર નિદાન અને સારવાર અંગે કાર્ય કરવામાં આવે છે.
- આમ, રાજય સરકાર નવજાત બાળ મરણ ઘટાડવા કટીબદ્ધ છે.

મુખ્ય પેજ

Sample Registration System (SRS) Bulletin 2020 મુજબ રાજયમાં હાલ નવજાત શિશુ મૃત્યુ દર ૧૦૦૦ જીવીત જન્મે ૧૬ છે. જ્યારે દેશનો નવજાત શિશુ મૃત્યુ દર ૧૦૦૦ જીવીત જન્મે ૨૦ છે. જેમાં ગુજરાત રાજય અન્ય રાજયોની સરખામણીએ ૧૦માં ક્રમે સ્થાન ધરાવે છે.

| ક્રમ | રાજય | એન.એમ.આર |
|---|---|---|
| ૧ | કેરાલા | ૪ |
| ૨ | દિલ્હી | ૯ |
| ૩ | તમિલનાડુ | ૯ |
| ૪ | મહારાષ્ટ્ર | ૧૧ |
| ૫ | પંજાબ | ૧૨ |
| ૬ | જમ્મુ અને કાશ્મીર | ૧૨ |
| ૭ | કર્ણાટક | ૧૪ |
| ૮ | પશ્ચિમ બંગાળ | ૧૪ |
| ૯ | તેલંગાણા | ૧૫ |
| ૧૦ | ગુજરાત | ૧૬ |
| ૧૧ | આંધ્ર પ્રદેશ | ૧૭ |
| ૧૨ | ઝારખંડ | ૧૭ |
| ૧૩ | ઉત્તરાખંડ | ૧૭ |
| ૧૪ | હરિયાણા | ૧૯ |
| ૧૫ | આસામ | ૧૯ |
| ૧૬ | ભારત | ૨૦ |
| ૧૭ | બિહાર | ૨૧ |
| ૧૮ | રાજસ્થાન | ૨૩ |
| ૧૯ | છત્તીસગઢ | ૨૬ |
| ૨૦ | ઓડિશા | ૨૮ |
| ૨૧ | ઉત્તર પ્રદેશ | ૨૮ |
| ૨૨ | મધ્યપ્રદેશ | ૩૧ |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૧૬

**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૨૯૮**

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : ગેનીબેન નગાજી ઠાકોર (વાવ)**

**પ્રશ્ન:- બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં નવજાત બાળકોના મૃત્યુ**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજ્યમાં નવજાત શિશુ મૃત્યુદર કેટલો છે? નવજાત શિશુ મૃત્યુ નિવારણ માટે રાજ્ય સરકાર કયા પ્રયત્નો કરી રહી છે? છેલ્લા ૨૦ વર્ષમાં નવજાત શિશુ મૃત્યુદરમાં કેટલો ઘટાડો થયો છે? | શ્રી અનિકેતભાઇ ઠાકર, પાલનપુર |
| ૨ | હાલ સરકાર દ્વારા શિશુ મૃત્યુદર ઘટાડવા માટેની કઈ કઈ યોજનાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે ? | શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૬**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૨૯૮**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી અનિકેતભાઇ ઠાકર, પાલનપુર)

- **રાજ્યમાં નવજાત શિશુ મૃત્યુદર કેટલો છે? નવજાત શિશુ મૃત્યુ નિવારણ માટે રાજ્ય સરકાર કયા પ્રયત્નો કરી રહી છે? છેલ્લા ૨૦ વર્ષમાં નવજાત શિશુ મૃત્યુદરમાં કેટલો ઘટાડો થયો છે?**

**જવાબ–**

- રાજયમાં હાલ નવજાત શિશુ મૃત્યુ દર ૧૦૦૦ જીવીત જન્મે ૧૬ છે. (Sample Registration System (SRS) Bulletin 2020 મુજબ)
- રાજય સરકાર નવજાત બાળ મરણ ઘટાડવા કટીબદ્ધ છે. રાજય સરકાર દ્વારા દરેક લાભાર્થીને જરૂરિયાત મુજબ આરોગ્ય સેવા મળી રહે તે માટે સામુદાયિક ક્ષેત્રે અને સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે અનેક વિધ યોજનાઓ થકી નવજાત બાળકોના મરણ ઘટાડવા માટે સતત કાર્યશીલ છે.
- આરોગ્યની સરકારી સુવિધાઓ લાભાર્થીઓને પૂરતા પ્રમાણમાં મળી રહે છે અને તે સેવાનો લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે અંદાજીત ૧૨ લાખ બાળકોને Home based New born care દ્વારા ઘરેઘરે જઈને આરોગ્ય સેવાઓ આપવામાં આવી રહેલ છે.
- દરેક આરોગ્ય સંસ્થા ખાતે થ્રી ટાયર એપ્રોચ થકી દરેક ડિલીવરી પોઈન્ટ ખાતે New Born Care Corner (NBCC) - ૧૯૦૩, દરેક

તાલુકા કક્ષાએ New born Stabilization Unit (NBSU)-કુલ ૧૪૩ પણ કાર્યરત છે તેમજ ગંભીર બિમારી ધરાવતા નવજાત શિશુઓને રાજયની જાહેર આરોગ્ય સંસ્થાઓ ખાતેના સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનીટ (SNCU) થકી દર વર્ષે ૬૦,૦૦૦ થી વધુ નવજાત શિશુઓને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ વિનામુલ્યે સુનિશ્ચિત કરવામાં આવે છે. જેમાં ૧૮૦૦ ગ્રામથી ઓછા વજને જન્મેલ અથવા જન્મજાત ખામીવાળા બાળકોને તેમજ જટીલ અને ગંભીર બિમારીઓવાળા જેમ કે જન્મ સમયે શ્વાસોશ્વાસની તકલીફ, ચેપ લાગી જવો, કમળો, જન્મ સમયે ગર્ભનું પાણી પી જવું, અધુરા માસે જન્મેલ બાળકોને ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ અલાયદા યુનિટમાં વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. રાજયમાં મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, જિલ્લા હોસ્પિટલો, સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલો ખાતે કુલ – ૫૭ સ્પેશીયલ ન્યુ બોર્ન કેર યુનિટો કાર્યરત છે.

- આમ, નવજાત શિશુઓને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ વિનામુલ્યે સુનિશ્ચિત કરવામાં આવે છે.
- **રાજયનો વર્ષ ૨૦૦૦ ની સ્થિતિએ મુજબ નવજાત શિશુ મૃત્યુદર ૪૩ અને હાલ રાજયનો નવજાત શિશુ મૃત્યુદર ૧૬ છે. જેથી છેલ્લા ૨૦ વર્ષ નવજાત શિશુ મૃત્યુદરમાં ૬૨.૮૦% ઘટાડો થવા પામેલ છે.**

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા)

- **હાલ સરકાર દ્વારા શિશુ મૃત્યુદર ઘટાડવા માટેની કઈ કઈ યોજનાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે ?**

**જવાબ**

- રાજયમાં માતૃબાળ કલ્યાણ સેવાઓ સુસ્થાપિત કરવા રાજ્ય સરકાર દ્વારા સગર્ભા માતા અને બાળકોની પુરતી કાળજી લેવામાં આવી રહી છે. માતૃબાળ કલ્યાણ સેવાઓ રાજયનાં દરેક વિસ્તારોમાં પહોંચે તે સારૂ દર વર્ષે છ લાખથી વધુ મમતા સેશન નું આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવે છે. સગર્ભા માતાઓની નોંધણી, જરૂરી તબીબી તપાસ અને આરોગ્ય સેવાઓ નિયમિત પણે મળે તે સારૂ રાજયમાં સબ સેન્ટરથી માંડી મેડિકલ કોલેજ સુધી આરોગ્ય સેવાઓ તમામ સ્તરે જરૂરીયાત મુજબ પુરી પાડવામાં આવે છે.

રાજયમાં માતા મૃત્યુ દર અને નવજાત શિશુ મૃત્યુ દર ઘટે તે આશયથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, ખિલખિલાટ, જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો અમલ રાજયમાં અસરકારક રીતે કરવામાં આવે છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન -૧૮

**પ્રશ્ન ક્રમાંક -૧૫/૪/૨૨૯૫**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)**

**પ્રશ્ન :- યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલના સેન્ટરો**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલના સેન્ટરો**

* **15/4/2295 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં આવેલ યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ પૈકી કઈ હોસ્પિટલના રાજ્યમાં ક્યા–ક્યા સ્થળે સેન્ટર આવેલા છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં આવેલ યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલના રાજ્યમાં આવેલ સેન્ટરોની વિગતો નીચે મુજબ છે:–<br>(૧) યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, અમદાવાદના રાજ્યમાં અન્ય કોઈ સ્થળે સેન્ટર આવેલ નથી.<br>(૨) કિડની હોસ્પિટલ, અમદાવાદના રાજ્યમાં કુલ ૨૬૭ સેન્ટરો આવેલા છે. (પત્રક – ૧ સામેલ છે.) તથા<br>(૩) કેન્સર હોસ્પિટલ, અમદાવાદના રાજ્યમાં અમદાવાદ, સિદ્ધપુર, રાજકોટ અને ભાવનગર ખાતે સેન્ટરો આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે પૈકી કઈ હોસ્પિટલ દ્વારા ક્યા સ્થળે સેન્ટર કાર્યરત કરાવવામાં આવ્યા, અને | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના સેન્ટરો કાર્યરત કરાવવામાં આવ્યા:-<br>• કિડની હોસ્પિટલ દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૨૮ અને વર્ષ ૨૦૨૨–૨૩ માં કુલ ૧૬૭ સેન્ટરો કાર્યરત કરાવવામાં આવ્યા. (પત્રક–૦૨ સામેલ છે.) |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સેન્ટરવાર કેટલા દર્દીઓએ સારવાર લીધી ? | (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સેન્ટરવાર સારવાર લીધેલ દર્દીઓની વિગતો નીચે મુજબ છે:–<br>(૧) કિડની હોસ્પિટલ, અમદાવાદના સેન્ટરો ખાતે વર્ષ ૨૦૨૧–૨૨ માં ૩૦૨૭ અને વર્ષ ૨૦૨૨–૨૩ માં ૩૮૦૮ દર્દીઓએ સારવાર લીધી.(પત્રક – ૦૩ સામેલ છે.)<br>(૨) કેન્સર હોસ્પિટલના સેન્ટરો ખાતે વર્ષ ૨૦૨૨ માં ૩,૩૮,૪૩૨ અને વર્ષ ૨૦૨૩ માં ૩,૩૦,૫૪૯ દર્દીઓએ સારવાર લીધી. (પત્રક – ૦૪ સામેલ છે.) |

મુખ્ય પેજ

# પત્રક–૦૧

| NO | DISTRICT NAME | CENTER NAME |
|---|---|---|
| 1 | AHMEDABAD | TRAUMA CENTER A'BAD CIVIL |
| 2 | AHMEDABAD | SOLA CIVIL |
| 3 | AHMEDABAD | SINGARVA |
| 4 | AHMEDABAD | BOPAL GHUMA |
| 5 | AHMEDABAD | VIRAMGAM |
| 6 | AHMEDABAD | BAGODARA |
| 7 | AHMEDABAD | SANAND |
| 8 | AHMEDABAD | DHANDHUKA |
| 9 | AHMEDABAD | DHOLKA |
| 10 | AHMEDABAD | DETROJ |
| 11 | AHMEDABAD | VITHLAPUR |
| 12 | AHMEDABAD | GDP - IKD |
| 13 | AHMEDABAD | ID HOSPITAL, BEHRAMPURA |
| 14 | AMRELI | AMRELI |
| 15 | AMRELI | SAVARKUNDLA |
| 16 | AMRELI | CHALALA |
| 17 | AMRELI | KHAMBHA |
| 18 | AMRELI | JAFARABAD |
| 19 | AMRELI | RAJULA |
| 20 | AMRELI | VANDA |
| 21 | AMRELI | LILIYA |
| 22 | AMRELI | LATHI |
| 23 | AMRELI | DAMNAGAR |
| 24 | AMRELI | BABRA |
| 25 | AMRELI | KUKAVAV |
| 26 | AMRELI | VADIA |
| 27 | ANAND | ANAND |
| 28 | ANAND | PETLAD |
